# બાળવાર્તાઓ

## – શ્રી ગિજુભાઈ બધેકા

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

12 માર્ચ 2012

# પરિચય -

બાળવાર્તાઓ બાળકોને ભાવવિશ્વની અનોખી સફરે લઈ જાય છે, કલ્પનાના વિશ્વમાં લટાર કરાવે છે, પક્ષીઓ, પ્રાણીઓ અને અન્ય પાત્રોના માધ્યમ દ્વારા તેમને જીવનની ગળથૂથી પીવડાવવામાં આવે છે. ગુજરાતી ભાષાના માધ્યમથી બાળકોને એ ભાવવિશ્વનું સરનામું ચીંધ્યુ છે ગિજુભાઈ બધેકાએ, એ ગુજરાતી બાળકોની મૂછાળી માં છે. ગુજરાતીમાં બાળસાહિત્ય વિશેની સમજનો અને બાળશિક્ષણની વ્યવસ્થિત પદ્ધતિનો પાયો નાખનાર આ લેખકે બાળકોના રસને પોષે, એમના કુતૂહલને ઉત્તેજે, એમની કલ્પનાને જાગૃત કરે, એમના વ્યક્તિત્વઘડતરનો અંશ બને એવું માહિતીપ્રદ છતાં આનંદપ્રદ સાહિત્ય કવિતા, વાર્તા, નાટક જેવા વિવિધ પ્રકારોમાં વિપુલપણે પ્રગટાવ્યું છે. આસપાસના

જીવનમાંથી મળી આવતી સામગ્રીને સરલ અને આકર્ષક સ્વરૂપમાં રજૂ કરી બાળસાહિત્યની એક નવી દિશા ઉઘાડી આપી છે.

ગુજરાત ઉપર સ્વ. ગિજુભાઈ બધેકાનું અમીટ ઋણ છે. વીસમી સદીના ત્રીસીના દાયકા અગાઉના અને એ પછીના શિક્ષણ અધ્યાપન પધ્ધતિઓમાં ક્રાંતિકારી પરિવર્તનનો બધો યશ તેમને ફાળે જાય છે. એમના લખાણો સચોટ અને ઉપદેશોથી દૂર, સમજ આપનારા બની રહ્યાં છે. એમનાથી સ્થળ કાળથી દૂર અનેકોને તેનો લાભ મળ્યા કરે છે એ ખૂબ મહત્વની વાત છે.

પ્રસ્તુત સંકલન લોકમિલાપ દ્વારા પ્રકાશિત તેમની વાર્તાઓના સંકલન રોજેરોજનું વાંચન માંથી લેવામાં આવ્યું છે. તેમની પચીસેક બાળવાર્તાઓ અત્રે મૂકી છે, આશા છે ઈ-પુસ્તક સ્વરૂપે ગુજરાતી બાળસાહિત્યમાં થયેલા નગણ્ય યોગદાનને અહીંથી એક નવી શરૂઆત મળી રહેશે.

અક્ષરનાદ પર આ પુસ્તિકા ખૂબ લાંબા સમયથી મૂકાવા માટે તૈયાર હતી, પરંતુ સમયની ભારે ખેંચતાણને પગલે તેની પ્રસ્તુતિમાં, ઈ-પુસ્તક સ્વરૂપ આપવામાં થયેલ વિલંબને પગલે તે છેક હવે પ્રસ્તુત થઈ રહી છે.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

# અનુક્રમણિકા

[1] કોઈ ન કરી શકે ... 9

[2] ખડબડ ખડબડ ખોદત હૈ ... 15

[3] ઠાગાઠૈયાં કરું છું ... 25

[4] દલો તરવાડી ... 31

[5] બીકણ સસલી ... 36

[6] મગર અને શિયાળ ... 49

[7] વનકો જોડા લઇ ગયો ..... 55

[8] “શા’બ, છોકરાં રાખતો’તો !” ..... 58

[9] સસાભાઇ સાંકળિયા ..... 62

[10] લખડો ગાંડો ..... 68

[11] હંસ અને કાગડો ..... 74

[12] ચોર પકડ્યો ..... 82

[13] ઠાકોર અને રંગલો ..... 89

[14] ડોસો અને દીકરો ..... 94

[15] પીરુ ........ 97

[16] બાપા - કાગડો ........ 104

[17] ભેંશ ભાગોળે ........ 113

[18] ભોળો ભટ ........ 117

[19] સાંભળો છો, દળભંજનજી? ........ 125

[20] મોઢું જોયું ........ 131

[21] વાણિયા બદાણિયા ........ 141

[22] વાત કહેવાય એવી નથી ........ 150

[23] હેન્સ ........................................................................................ 156

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ ........................................................................ 164

# [1] કોઈ ન કરી શકે...

બાદશાહ કહે : “હે બીરબલ! બીજા કોઇથી થાય નહીં એવું કામ કોણ કરી શકે?”

બીરબલ કહે : “નાનાં છોકરાં.”

બાદશાહ કહે : “ઠીક ગપ્પો લગાવ્યો!”

બીરબલ કહે : “ત્યારે જો જો કોઇ વાર !”

બાદશાહ કહે : “ઠીક ત્યારે.”

બાદશાહ તો બીરબલની સાથે થયેલી વાત ભૂલી ગયો.

એક દિવસ બીરબલ તો શેરીમાં ગયો. જઇને કહે : “એલાં છોકરાંઓ, આંહીં આવો.”

ત્યાં તો છોકરાંની ટોળી આવીને ઊભી રહી, "એલાં, એક કામ કરશો?"

"હા, હા, જે કહો તે કરીએ."

"જાઓ ત્યારે- આ ગઢ છે ને, એની પાસે ધૂળનો ઢગલો કરવા માંડો. જો જો, જે એક ધાબળી ધૂળ નાખે એને એક પાઇ, અને બે નાખે એને બે પાઇ આપીશ."

છોકરાંની જાત! એક, બે, ત્રણ, ચાર... એમ કરતાં આખી શેરીનાં છોકરાં ભેળાં થયાં. એ તો ધાબળીએ ધાબળીએ માંડ્યાં ધૂળ નાખવા. ત્યાં તો બીજી શેરીનાં છોકરાં આવ્યાં, ત્યાં ત્રીજી શેરીનાં આવ્યાં.... ને ત્યાં તો આખા ગામનાં આવ્યાં.

બીરબલ તો એકેક પાઇ આપતો જાય ને કહેતો જાય: “હમ્ મારા બાપા. હમ્ મારા બાપા – થાવા દ્યો !”

છોકરાં એટલે તો કટક ! ઘડીક થઇ ત્યાં તો મોટો ઉકરડા જેવડો ઢગલો થઇ ગયો. ને બે ઘડી થઇ ત્યાં તો ધૂળનો ધફો ગઢને કાંગરે પહોંચ્યો !

બીરબલ કહે : “હવે બધા ખૂંદીને કરો રસ્તા જેવું.”

છોકરાંને તો એ જ જોઇતું હતું ! એ તો માંડ્યાં ખૂંદવા. ઘડીકમાં તો રસ્તો થઇચે ગયો. શેરીમાંથી ઠેઠ ગઢ ઉપર જવાય એવો રસ્તો બની ગયો !

બીરબલ કહે : “હવે બસ.”

પછી બીરબલે હાથીથાનમાંથી એક હાથી મંગાવ્યો. હાથીના મા’વતને કહે : “આ રસ્તા ઉપરથી હાથીને ગઢ ઉપર ચડાવી દે.”

રસ્તો બરાબર હતો, એટલે હાથી ગઢ ઉપર ચઢી ગયો. ગઢ ઉપર હાથી ઊંચે દેખાયો; બધાં જોઇ રહ્યાં.

બીરબલ કહે : “એલાં છોકરાંઓ ! આ ધક્રો હવે વીંખી નાખો ને ધૂળ બધી શેરીમાં પાથરી દ્યો. જેવું હતું તેવું કરી દ્યો. એક એક ધાબળી ને એક એક પાઇ !”

છોકરાંતો ઊપડ્યાં. પાઇ લેતાં જાય ને ધાબળી ધૂળ ફેંકતાં જાય. છોકરાં મંડ્યાં, પછી કેટલી વાર? ઘડીકમાં તો હતું તેવું થઇ ગયું. જાણે ધૂળનો ધક્રો હતો જ નહિ! કોઇને ખબરેય ન પડે કે હાથી ગઢ પર શી રીતે ચડ્યો હશે.

બીરબલ કહે : “એલાં છોકરાંઓ! હવે ચાલ્યાં જાઓ; હું બોલાવું ત્યારે પાછાં આવજો.”

છોકરાં બધાં ચાલ્યાં ગયાં. બીરબલે બાદશાહને બોલાવ્યો. બાદશાહ તો ગઢ ઉપર હાથી જોઇને દિંગ જ થઇ ગયો!

બાદશાહ કહે : હેં બીરબલ ! આ હાથી ત્યાં શી રીતે ચડ્યો?”

બીરબલ કહે :”સાહેબ ! નાનાં છોકરાંઓએ ચડાવ્યો.”

બાદશાહ કહે : “શી રીતે ?”

બીરબલે બધી વાત કરી. બાદશાહ ખુશ થયો. ખાધું પીધું ને રાજ કર્યું — પણ પેલો હાથી નીચે ઊતર્યો કે નહિ?

ઊતર્યો જ તો !

કેવી રીતે ?

પાછાં બીરબલે છોકરાંને બોલાવ્યાં ને ધૂળનો ઢગલો કરાવીને હાથીને હેઠે ઉતાર્યો.

વાહ, આ તો ભારે ગમ્મત !

# [2] ખડબડ ખડબડ ખોદત હૈ

એક હતો બ્રાહ્મણ, તે બહુ જ ગરીબ. એક વાર તેની વહુએ કહ્યું : “હવે તો તમે કાંઇક કામધંધો કરો તો સારું. છોકરાં હવે તો કોઇ વાર ભૂખે મરે છે!”

બ્રાહ્મણ કહે : “પણ હું કરું શું? મને કાંઇ કરતાં કાંઇ આવડતું નથી. તું કાંઇક બતાવ તો ઠીક.”

બ્રાહ્મણી ભણેલી ને ડાહી હતી તેણે કહ્યું : “લ્યો આ શ્લોક હું તમને મોઢે કરાવું છું. તે કોઇ રાજા પાસે જઇને સંભળાવજો, એટલે તે તમને થોડાઘણા પૈસા જરૂર આપશે. પણ શ્લોક ભૂલી જશો નહિ.”

બ્રાહ્મણીએ તો બ્રાહ્મણને શ્લોક મોઢે કરાવ્યો, અને તે બોલતો બોલતો બ્રાહ્મણ પરદેશ ચાલ્યો. રસ્તામાં એક નદી આવી. ત્યાં બ્રાહ્મણ નહાવાધોવા અને ભાતું ખાવા ખોટી થયો. નહાવાધોવામાં રોકાયો, ત્યાં વહુએ શીખવેલો શ્લોક ભૂલી ગયો. બ્રાહ્મણ શ્લોક સંભારતો બેઠો, પણ કશુંયે સાંભરે નહિ. એટલામાં તેણે એક જળકૂકડીને નદીકાંઠે ખોદતી જોઇ. શ્લોક સંભારતાં સંભારતાં એણે જળકૂકડીને ખોદતી જોઇ, એટલે તેના મનમાં એક નવું ચરણ સ્ફૂર્યું. તે બોલવા લાગ્યો :

ખડબડ ખડબડ ખોદત હૈ.

બ્રાહ્મણ ઉપર પ્રમાણે "ખડબડ ખડબડ ખોદત હે" બોલવા લાગ્યો, એટલે તેના અવાજથી કૂકડી લાંબી ડોક કરી જોવા લાગી. એટલે વળી બ્રાહ્મણના મનમાં બીજું ચરણ સ્ફુર્યું ને તે બોલ્યોઃ

લાંબી ડોકે જોવત હૈ.

બ્રાહ્મણ બીજી વાર બોલ્યો, એટલે કૂકડી બીકથી છાનીમાની લપાઇ બેસી ગઇ. આ જોઇ બ્રાહ્મણના મનમાં ત્રીજું ચરણ આવ્યું. તે બોલ્યો :

કૂકડમૂકડ બેઠત હૈ.

બ્રાહ્મણ આમ બોલ્યો, એટલે ફૂકડી તો દોટ મૂકીને પાણીમાં જતી રહી. આ જોઇ બ્રાહ્મણના હ્રદયમાં ચોથું ચરણ ઊપજ્યું અને તે બોલ્યો:

ધડબડ ધડબડ દોડત હે.

બ્રાહ્મણ તો એક શ્લોક ભૂલી ગયો, પણ આમ તેને બીજો શ્લોક હાથ લાગી ગયો. તે તો જાણે આ જ શ્લોક પોતાને શીખવ્યો હતો એમ માનીને બોલતો બોલતો આગળ ચાલ્યો:

ખડબડ ખડબડ ખોદત હે,
લાંબી ડોકે જોવત હે,

ફૂકડમૂકડ બેઠત હે,
ધડબડ ધડબડ દોડત હે.

ચાલતાં ચાલતાં એક શહેર આવ્યું. શહેરના રાજાની કચેરીમાં તે ગયો અને સભા વચ્ચે જઇને બોલ્યો:

ખડબડ ખડબડ ખોદત હે,
લાંબી ડોકે જોવત હે,
ફૂકડમૂકડ બેઠત હે,
ધડબડ ધડબડ દોડત હે.

રાજાએ આ વિચિત્ર શ્લોક ઉતારી લીધો. રાજા કે કચેરીમાં બીજું કોઇ શ્લોકનો અર્થ કરી શક્યું નહિ. પછી રાજાએ બ્રાહ્મણને કહ્યું : “મહારાજ, બે ચાર દિવસ પછી પાછા કચેરીમાં આવજો. હમણાં રાજનાં સીધાંપાણી ખાઓ અને સુખેથી રહો. તમને તમારા શ્લોકનો જવાબ પછી આપીશું.”

રાજાએ બ્રાહ્મણનો શ્લોક પોતાના સૂવાના ઓરડામાં લખાવ્યો. શ્લોકનો અર્થ વિચારવા રાજા રોજ રાતના બાર વાગે ઊઠે ને નિરાંતે એકાંતે શ્લોકનું ચરણ બોલતો જાય અને એના અર્થનો વિચાર કરતો જાય.

એક રાત્રીએ ચાર ચોર રાજાના મહેલમાં ચોરી કરવા નીકળ્યા. તેઓ રાજાના મહેલ પાસે જઇને ખોદવા લાગ્યા. બરાબર રાતના બાર વાગ્યા હતા અને રાજા

આ વખતે શ્લોકના પહેલા ચરણનો વિચાર કરતો હતો. પેલા ચોરો ખોદતા હતા. તેમને કાને રાજાનો બોલ આવ્યો:

ખડબડ ખડબડ ખોદત હે.

ચોરોએ મનમાં વિચાર કર્યો કે રાજા તો જાગતો લાગે છે અને ખોદવાનો ખડબડાટ સાંભળે છે. તેથી ચોરોમાંથી એક જણ રાજાની બારીએ ચડ્યો અને રાજા જાગે છે કે નહિ તે બાબતમાં ખાતરી કરવા લાંબી ડોક કરી ઓરડામાં જોવા લાગ્યો. ત્યાં તો રાજા બીજું ચરણ બોલ્યો:

લાંબી ડોકે જોવત હે.

આ સાંભળી, જે ચોર બારીમાંથી જોતો હતો તેને ખાતરી થઇ કે રાજા જાગે છે એટલું જ નહિ , પણ પોતાની બારીમાંથી ડોક લંબાવીને જોતાં પણ તેણે જોયો છે. તે એકદમ નીચે ઊતરી ગયો અને બીજાઓને છાનામાના બેસી જવાની નિશાની કરી. બધાય છાનામાના ઓડવાઇને બેસી ગયા. ત્યાં તો વળી રાજા ત્રીજું ચરણ બોલ્યો:

ફૂકડમૂકડ બેઠત હે.

ચોરોના મનમાં થયું કે હવે ભાગો ! રાજા આ બધું જાણે છે અને જૂએ પણ છે. હવે જરૂર પકડાઇ જશું અને માર્યા જશું. તેઓ બીકના માર્યા એકદમ દોડ્યા. ત્યાં તો રાજાએ શ્લોકના ચોથા ચરણનો ઉચ્ચાર કર્યો:

ધડબડ ધડબડ દોડત હે.

હવે એ ચોરો તો હતા રાજાના પોતાના દરવાનો. તેઓ જ રાજાના ચોકીદારો હતા. તેમની દાનત બગડેલી, તેથી ચોરી કરવાનો તેમને વિચાર થયેલો. ચોરો ઘેર તો ભાગી ગયા, પણ બીજે દિવસે કચેરી ભરાઇ ત્યારે રાજાની સલામીએ ન ગયા. તેમના મનને ચોક્કસ લાગ્યું હતું કે નક્કી રાજાજી બધું જાણી ગયા છે અને પોતાને ઓળખી લીધા છે.

દરવાનોને સલામે ન આવેલા જોઇને રાજાએ પૂછ્યું : “આજે દરવાનો સલામે કેમ નથી આવ્યા? ઘરે કોઇ સાજુંમાંદુ તો નથી થયું ને?” દરવાનોને તેડવા રાજાએ

બે સિપાઇઓને મોકલ્યા. કચેરીમાં દરવાનો આવ્યા અને સલામ કરી ઊભા રહ્યા. રાજાએ પૂછ્યું : “બોલો, તમે આજે કચેરીમાં કેમ નહોતા આવ્યા?”

પેલા દરવાનો ધ્રૂજવા લાગ્યા. તેમના મનને તો ખાતરી જ હતી કે રાજા બધી વાત જાણી ગયેલ છે. ખોટું બોલશું તો વધારે માર્યા જશું, એમ ધારી તેમણે રાતે બનેલી બધી વાત કહી દીધી.

રાજા તો આ બધું સાંભળી વિસ્મય પામ્યો. તેને થયું કે આ તો પેલા બ્રાહ્મણના શ્લોકનો પ્રતાપ. શ્લોક તો ભારે ચમત્કારી ! બ્રાહ્મણ ઉપર રાજા ઘણો ખુશ ખુશ થઇ ગયો. તેણે બ્રાહ્મણને બોલાવ્યો અને તેને સારું ઇનામ આપી વિદાય કર્યો.

# [3] ઠાગાઠૈયાં કરું છું

એક હતો કાગડો અને એક હતી કાબર. બંને જણાંને દોસ્તી થઇ. કાબર ભલી અને ભોળી હતી, પણ કાગડો બહુ પક્કો હતો. કાબરે કાગડાને કહ્યું : "કાગડાભાઇ, કાગડાભાઇ ! ચાલોને અપણે ખેતર ખેડીએ? દાણા સારા થાય તો આખું વરસ ચણવા જવું ન પડે અને નિરાંતે ખાઇએ."

કાગડો કહે : "બહુ સારું, ચાલો."

પછી કાબર અને કાગડો પોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યાં. થોડી વાર થઇ ત્યાં કાગડાની ચાંચ ભાંગી, એટલે કાગડો લુહારને ત્યાં તે ઘડાવવા ગયો. જતાં

જતાં કાબરને કહેતો ગયો : “કાબરબાઇ ! તમે ખેતર ખેડતા થાઓ. ચાંચ ઘડાવીને હું હમણાં આવું છું.”

કાબર કહે : “ઠીક.”

પછી કાબરે તો આખું ખેતર ખેડી નાખ્યું. પણ કાગડાભાઇ આવ્યા નહિ.

કાગડાભાઇની દાનત ખોટી હતી એટલે ચાંચ તો ઘડાવી, પણ કામ કરવાની આળસે ઝાડ ઉપર બેઠા બેઠા લુહારની સાથે ગપ્પાં મારવા લાગ્યા. કાબર તો કાગડાની રાહ જોઇ જોઇને થાકી ગઇ, એટલે કાગડાને બોલાવવા ગઇ. જઇને કાગડાને કહે : “કાગડાભાઇ, કાગડાભાઇ ! ચાલોને? ખેતર તો ખેડાઇ ગયું. હવે આપણે વાવીએ.”

કાગડો કહે :

ઠાગાઠૈયાં કરું છું,
ચાંચુડી ઘડાવું છું.
જાવ, કાબરબાઇ ! કાલ્ય વે'લો આવું છું.

કાબર પાછી ગઇ અને એણે તો વાવવાનું કામ શરૂ કર્યું. રૂપાળો મજાનો બાજરો વાવ્યો. થોડા દિવસમાં એ એવો તો સુંદર ઊગી નીકળ્યો કે બસ ! એટલામાં નીંદવાનો વખત થયો, એટલે વળી કાબરબાઇ કાગડાને બોલાવવા ગઇ. જઇને કાગડાને કહે : "કાગડાભાઇ, કાગડાભાઇ ! ચાલો, ચાલો; બાજરો બહુ સારો ઊગ્યો છે. હવે જલદી નીંદવું જોઇએ, નહિતર મોલને નુકશાન થશે."

આળસુ કાગડાએ ઝાડ ઉપરથી કહ્યું:

ઠાગાઠૈયાં કરું છું.
ચાંચુડી ઘડાવું છું,
જાવ, કાબરબાઇ ! કાલ્ય વે'લો આવું છું.

કાબર તો પાછી ગઇ અને એકલીએ ખેતર આખું નીંદી નાખ્યું. વખત જતાં કાપણીનો સમય આવ્યો, એટલે કાબર વળી કાગડાભાઇને બોલાવવા ગઇ. જઇને કહે : "કાગડાભાઇ, કાગડાભાઇ ! હવે તો ચાલો- કાપણીનો વખત થયો છે. મોડું કાપશું તો નુકશાન થશે."

લુચ્ચા કાગડાએ કહ્યું:

ઠાગાઠૈયાં કરું છું,
ચાંચુડી ઘડાવું છું,
જાવ, કાબરબાઇ ! કાલ્ય વે'લો આવું છું.

કાબરબાઇ તો નિરાશ થઇ પાછી ગઇ અને ખીજમાં ને ખીજમાં એકલીએ આખા ખેતરની કાપણી કરી નાખી.

પછી તો કાબરે ડૂંડાંમાંથી બાજરો કાઢ્યો. અને એક કોર બાજરાનો ઢગલો કર્યો, ને બીજી કોર એક મોટો ઢૂંસાંનો ઢગલો કર્યો ને ઉપર થોડોએક બાજરો ભભરાવી દીધો. પછી તે કાગડાને બોલાવવા ગઇ, જઇને કહે : "કાગડાભાઇ ! હવે તો ચાલશોને? બાજરાના ઢગલા તૈયાર કર્યા છે. તમને ગમે તે ભાગ તમે રાખજો."

વગર મહેનતે બાજરાનો ભાગ મળશે, એ જાણી કાગડાભાઇ ફુલાઇ ગયા. તેણે કાબરને કહ્યું:" ચાલો બહેન ! તૈયાર જ છું. હવે ચાંચ બરાબર થઇ ગઇ છે." પછી કાગડો અને કાબર ખેતરે આવ્યાં. કાબર કહે : "ભાઇ ! તમને ગમે તે ઢગલો તમારો."

કાગડાભાઇ તો મોટો ઢગલો લેવાને માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઇને બેઠા. પણ જ્યાં બેસવા જાય, ત્યાં ભાઇસા'બના પગ ઢૂંસાંમાં ખૂંતી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસાં ભરાઇ ગયાં અને કાગડાભાઇ મરણ પામ્યા. પછી કાબરબાઇ બાજરો પોતાને ઘેર લઇ ગઇ અને ખાધું પીધું ને મોજ કરી.

# [4] દલો તરવાડી

એક હતો તરવાડી. એનું નામ હતું દલો. દલા તરવાડીની વહુને રીંગણાં બહુ ભાવે. એક દિવસ એણે દલાને કહ્યું : "તરવાડી રે તરવાડી !"

તરવાડી કહે : "શું કહો છો, ભટ્ટાણી?"

ભટ્ટાણી કહે : "રીંગણાં ખાવાનું મન થયું છે. રીંગણાં લાવો ને, રીંગણાં !"

તરવાડી કહે : "ઠીક."

તરવાડી તો પછી હાથમાં ખોખરી લાકડી લઇ ઠચૂક ચાલ્યા. નદીકાંઠે એક વાડી હતી ત્યાં ગયા. પણ વાડીએ કોઇ ન હતું. તરવાડીએ વિચાર કર્યો કે, હવે કરવું શું? વાડીનો ધણી અહીં નથી અને રીંગણાં કોની પાસેથી લેવાં?

છેવટે તરવાડી કહે, વાડીનો ધણી નથી, તો વાડી તો છે ને? ચાલો, વાડીને જ પૂછીએ !

દલો કહે : “વાડી રે બાઇ વાડી !”
વાડી કાંઇ ન બોલી એટલે પોતે જ બોલ્યો : “શું કહો છો, દલા તરવાડી ?”
દલો કહે : “રીંગણાં લઉં બે ચાર !”
ફરી વાડી ન બોલી, એટલે વાડીને બદલે દલો કહે : “લે ને દસ-બાર !”
દલા તરવાડીએ રીંગણાં લીધાં અને ઘેર જઇ ઓળો કરીને તરવાડી તથા ભટ્ટાણીએ ખાધો.

હવે ભદ્દાણીને રીંગણાંનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ વાડીએ આવે ને ચોરી કરે. વાડીમાં તો રીંગણાં ઓછાં થવા લાગ્યાં. વાડીના ધણીએ વિચાર કર્યો કે, જરૂર કોઇ ચોર લાગે છે; તેને પકડવો જોઇએ.

એક દિવસ સાંજે વાડીનો માલિક ઝાડ પાછળ સંતાઇને ઊભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યા: “વાડી રે બાઇ વાડી !”

પછી વાડીને બદલે દલો કહે : “શું કહો છો, દલા તરવાડી ?”
દલો કહે : “રીંગણાં લઉં બેચાર ?”
અને વાડીને બદલે વળી દલો કહે : “લે ને દસ-બાર.”
દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણાં લીધાં. અને જ્યાં ચાલવા જાય ત્યાં તો

વાડીનો ધણી પાછળથી નીકળ્યો ને કહે : "ઊભા રહો, ડોસા ! રીંગણાં કોને પૂછીને લીધાં?"

દલો કહે : "કોને પૂછેને કેમ? આ વાડીને પૂછીને લીધાં !"

માલિક કહે : "પણ વાડી કાંઇ બોલે ?"

દલો કહે : "વાડી નથી બોલતી, પણ હું તો બોલ્યો છું ના?"

માલિક બહુ ગુસ્સે થયો અને દલા તરવાડીને બાવડે ઝાલી એક કૂવા પાસે લઇ ગયો. તરવાડીને કેડે એક દોરડું બાંધી તેને કૂવામાં ઉતાર્યો.

પછી માલિક, જેનું નામ વશરામ ભૂવો હતું તે, બોલ્યો : “ફૂવા રે ભાઇ ફૂવા!”

અને ફૂવાને બદલે વશરામ કહે : “શું કહો છો વશરામ ભૂવા ?”
વશરામ કહે : “ડબકાં ખવરાવું બે-ચાર ?”
ફૂવાને બદલે વળી વશરામ બોલ્યો : “ખવરાવને ભાઇ દસ-બાર !”

તરવાડીના નાકમાં અને મોંમાં પાણી પેસી ગયું. તેથી દલો બહુ કરગરીને કહેવા લાગ્યો : “ભાઇસા’બ ! છોડી દે. હવે કોઇ દિવસ ચોરી નહિ કરું. આજ એક વાર જીવતો જવા દે; તારી ગાય છું.”

વશરામ ભૂવાએ તરવાડીને બહાર કાઢ્યા અને જવા દીધા. તરવાડી ફરી વાર ચોરી કરવી ભૂલી ગયા, ને ભટ્ટાણીનો રીંગણાંનો સ્વાદ સુકાઇ ગયો.

# [5] બીકણ સસલી

એક હતી સસલી, બહુ બીકણ તે બહુ બીકણ !

મે’ ગાજે ને બીએ. વીજ ચમકે ને બીએ.
ઝાડ ડોલે ને બીએ. ચાંચ હાલે ને બીએ.
પાંખ હલે ને બીએ. પૂંછ હલે ને બીએ.
આમ જોઇને બીએ. તેમ જોઇને બીએ.
ઊંચે જોઇને બીએ. નીચે જોઇને બીએ.
બહુ બીકણ તે બહુ બીકણ.

વા વાયો ને પાન ઊડ્યાં, સસલીબાઇ ધ્રૂજી ઊઠ્યાં.
એક પાન પીંઠે પડ્યું, સસલીબાઇ નાસી છૂટ્યાં.

”ભાગો રે ભાઇ, ભાગો !
દદૂણ આવ્યું, પદૂણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !”

પગ લઇને નાઠાં જાય, કાન લઇને ભાગ્યાં જાય,
પૂંછડી લઇને નાસી જાય, જાત લઇને નાસી જાય.

કૂતરો પૂછે: “કાં સસલીબાઇ ! ક્યાં ચાલ્યાં?”

”ભાગો રે ભાઇ, ભાગો !
દદૂણ આવ્યું, પદૂણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !”

કુત્તો ભાગ્યો સસલી સાથ,
કુત્તી એની છે સંગાથ.

શિયાળ પૂછે : “કાં સસલીબાઇ ! ક્યાં ચાલ્યાં?”

“ભાગો રે ભાઇ, ભાગો !
દદ્દણ આવ્યું, પદ્દણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !”

શિયાળ ભાગ્યો સસલી સાથ,
શિયાળવી એની છે સંગાથ.
આઘે આઘે દોડ્યાં જાય,

રસ્તે ગદ્ધા-ભેટો થાય.

ગદ્ધા પૂછે : “કાં સસલીબાઇ ! ક્યાં ચાલ્યાં ?”

“ભાગો રે ભાઇ, ભાગો !

દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;

ઊંચેથી આભ પડ્યું,

પીઠ મારી ભાંગી નાખી;

ભાગો રે ભાઇ, ભાગો !”

ગદ્ધો ભાગ્યો સસલી સાથ,

ગદ્ધી એની છે સંગાથ.

આગળ જતાં ઘોડો મળ્યો.

ઘોડો પૂછે : “કાં સસલીબાઇ ! ક્યાં ચાલ્યાં?”
“ભાગો રે ભાઇ, ભાગો !
દડ્ડણ આવ્યું, પડ્ડણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !”

ઘોડો ભાગ્યો સસલી સાથ,
ઘોડી તેની છે સંગાથ.

ભાગ્યાં ભાગ્યાં ચાલ્યાં જાય,
સસલી – કુત્તો – ઘોડો - શિયાળ.
આઘે આઘે ઊંટ હતું, લાંબી ડોકે ચરતું હતું.
આવો જોઇ રૂપાળો સંઘ,
પૂછ્યું ઊંટે આણી રંગ :
“ક્યાં ભાગ્યાં, ઓ સસલીબાઇ ?
ક્યાં ભાગ્યા છો કુત્તાભાઇ!
ઘોડાભાઇ ને ગદ્ધાભાઇ !
- મારી આંખે આ નવાઇ !”

“ભાગો રે ભાઇ, ભાગો !

દફ્ણ આવ્યું, પદ્ણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !"

લાંબી ડોકે મોટે પગલે
ઊંટ ભાગ્યો સસલી-પગલે.
વનને વગડો વટી ગયાં,
ડુંગર - નદીને તરી ગયાં
ભાગતાં ભાગતાં બપોર થયા.

રસ્તે સામે હાથી મળ્યો,
સૂંઢ ફેરવતો ઊભો રહ્યો.
“ક્યાં ભાગ્યાં છો, સસલીબાઇ ?
ક્યાં ચાલ્યાં છો સૌ ગભરાઇ ?
બીકે હૈયું થડકે કેમ?
હાથે-પગે પાણી કેમ?”

સસલી વળતી વાણી વદી,
હાથીભાઇની હિંમત હરી;

“ભાગો રે ભાઇ, ભાગો !

દડૂણ આવ્યું, પડૂણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !"

હાથી ભાગ્યો, હાથણી ભાગી,
સસલીબાઇની ટોળી ઝાઝી...
- ત્રાડ દેતો સિંહ સામો મળ્યો,
આંખ કાઢી આડો ફર્યો.

"ક્યાં ભાગ્યાં છો સસલીબાઇ ?

શી માંડી છે આ ભવાઇ!
કુત્તા, ગદ્ધા, ઘોડાભાઇ,
હાથી, ઊંટ ને શિયાળભાઇ!
ક્યાં ભાગ્યાં છો ત્રાહિ ત્રાહિ?"

"ભાગો રે ભાઇ, ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઇ, ભાગો !"

સિંહ ત્રાડ મારી ઊભો,
સસલી સામે રોષ કીધો:
ક્યાં છે તારું દદ્દણ-પદ્દણ?
ક્યાં છે તારું આભ પડ્યું?
ક્યાં છે તારી કેડ ભાંગી?
ભાગો નહિ, ભાઇ! ભાગો નહિ !"
ચાલ્યાં પાછાં સિંહ સાથે; સસલી, ગદ્ધો, ઘોડો, આઠે;
પાછા ફરતાં ધ્રૂજે પગ - સિંહ પાછળ ભરે ડગ !
આવી સસલી વાડા પાસ; ત્યાં પડ્યું છે થોડું ઘાસ,
ઘાસ પીંપળપાન; સસલી બોલી : એ છે આભ !"
ત્રાડ નાખી સિંહે કહ્યું: "આવાં ને શું કહેવું રહ્યું?

સસલી, તારી બીકણ જાત, સૌની તેં છે લીધી લાજ !”

સસલી શરમે નીચું જુએ,

ઘોડો - હાથી લાજી મરે.

# [6] મગર અને શિયાળ

એક હતી નદી. એમાં એક મગર રહે. એક વાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઇ ગયું. પાણીનું ટીપુંય ન મળે. મગરનો જીવ જાઉં જાઉં થવા લાગ્યો. મગર હાલીયે ન શકે ને ચાલીયે ન શકે.

નદીથી દૂર એક ખાડો હતો. એમાં થોડુંક પાણી હતું. પણ મગર ત્યાં જાય શી રીતે? હાલીયે ન શકે ને ચાલીયે ન શકે. ત્યાંથી એક કણબી જતો હતો. મગર કહે: “એ કણબીભાઇ, એ કણબીભાઇ! મને ક્યાંક પાણીમાં લઇ જા ને! ભગવાન તારું ભલું કરશે.”

કણબી કહે : “લઇ જાઉં તો ખરો, પણ પાણીમાં લઇ જાઉં ને તું મને પકડી લે, તો?”

મગર કહે, “છટ્ છટ્, હું તને પકડું ? એમ બને જ કેમ?”

પછી કણબી તો એને ઉપાડીને પેલા ખાડા પાસે લઇ ગયો ને પાણીમાં નાખી. પાણીમાં પડતાંની સાથે જ મગર પાણી પીવા લાગી. કણબી એ જોતો જોતો ઊભો હતો, એટલામાં મગરે પાછા વળી કણબીનો પગ પકડ્યો.

કણબી કહે : “તેં નહોતું કીધું કે તું મને ખાઇશ નહિ? હવે મને કેમ પકડે છે?”

મગર કહે, “જો, હું તો કંઇ તને પકડત નહિ. પણ ભૂખ એટલી એટલી બધી લાગે છે કે ખાધા વિના મરી જઇશ, એમાં ઊલટી તારી મહેનત નકામી જાય ને? આઠ દિવસની ઉપવાસી છું.”

મગર કણબીને પાણીમાં ખેંચવા લાગી. કણબી કહે : “જરા ઊભી રહે; આપણે કોઇની પાસે ન્યાય કરાવીએ.”
મગરે મનમાં વિચાર્યું, ભલે ને જરા ગમ્મત થાય! એણે તો કણબીનો પગ મજબૂત પકડી રાખ્યો ને બોલી : “પૂછ - તું તારે ગમે તેને પૂછ.”

એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી. કણબીએ એને બધી વાત કહીને પૂછ્યું : “તું જ કહે ને, બહેન! આ મગર મને ખાય છે, એ તે કાંઇ ઠીક કહેવાય?”

ગાય કહે : “મગરબહેન ! ખાઇ જા ઇ કણબાને. એની જાત જ ખરાબ છે. દૂઝણાં હોઇએ ત્યાં સુધી રાખે, ને ઘરડાં થયાં કે કાઢી મૂકે. કેમ કણબા! સાચી વાત ને?” એટલે મગર કણબીને જોરથી ખેંચવા લાગી. કણબી કહે : “જરા થોભ; બીજા કોઇને આપણે પૂછીએ.”

ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો. કણબીએ બધી વાત એને કહી ને પૂછ્યું : “કહે ભાઇ ! આ સારું કહેવાય?”

ઘોડો કહે : “મહેરબાન! સારું નહિ ત્યારે શું ખરાબ? મારી સામું તો જો? મારા ધણીએ આટલાં વરસ મારી પાસે ચાકરી કરાવી ને હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો! માણસની જાત જ એવી છે! મગરબાઇ, ખુશીથી ખા એને.”

મગરતો કણબીનો પગ વધારે જોરથી ખેંચવા લાગી. કણબી કહે : “જરા થોભ, હવે એક જ જણને પૂછી જોઇએ, પછી ભલે તું મને ખાજે.”

ત્યાંથી નીકળ્યું એક શિયાળ, કણબી કહે : “શિયાળભાઇ! જરા અમારો એક ન્યાય કરશો?”

દૂરથી શિયાળે કહ્યું : “શું છે, ભાઇ?” કણબીએ સઘળી વાત કરી. શિયાળ એકદમ સમજી ગયું કે મગરનો વિચાર કણબીને ચટ કરી જવાનો છે. એટલે તે બોલ્યું :

“હેં કણબી ! ત્યાં કોરી જગ્યાએ તું પડ્યો હતો?”

મગર કહે : “ના રે, ના ! ત્યાં તો હું પડી’તી.”

શિયાળ કહે : “હં હં, મને બરાબર સમજાયું નહોતું. ઠીક, પછી શું થયું?”

કણબીએ વાત આગળ ચલાવી. શિયાળ કહે : “શું કરું? – મારી અક્કલ ચાલતી નથી. કાંઇ સમજાતું નથી. ફરીથી બરાબર કહે , પછી શું થયું?”

મગર જરા ચિડાઇને બોલી : “જો, હું કહું છું. આ જો, હું ત્યાં પડી હતી.”

શિયાળ જરા માથું ખંજવાળતું વળી બોલ્યું : “ક્યાં? કેવી રીતે?”

મગર કહેવાના તોરમાં આવી ગઇ. એણે કણબીનો પગ છોડ્યો અને પોતે ક્યાં ને કેવી રીતે પડી હતી તે બતાવવા લાગી.

તરત શિયાળે કણબીને નિશાની કરી કે, ભાગ! કણબી ભાગ્યો ને શિયાળ પણ ભાગ્યું. પછી ભાગતાં ભાગતાં શિયાળ બોલ્યું : “મગરબાઇ! હવે સમજાયું તું કેવી રીતે પડી હતી તે! કહે જોઇએ-પછી શું થયું?”

મગર તરફડતી પડી રહી ને શિયાળ ઉપર દાંત પીસવા લાગી.

## [7] વનકો જોડા લઇ ગયો

”કાલે આપણી નિશાળમાં વિશ્વાના જોડા કો’ક લૈ ગયું. કહે છે કે વનકો લઇ ગયો. વનકો છે જ એવો !”
“તને ઇ કોણે કહ્યું?”

“મને તો લખડો કહેતો’તો.”

“પણ લખડો કયાં સાચું બોલે છે? ચાલ, લખડાને પૂછીએ.”

“હેં લખડા ! વનકો વિશ્વાના જોડા લઇ ગયો, ઇ વાત સાચી કે ?”

“ભાઇ! મને બરાબર ખબર નથી. પણ રામકો કહેતો’તો કે છનકે એને કહ્યું કે વનકો જોડા લઇ ગયો છે.”

“ચાલો ત્યારે છનકાને જ પૂછીએ.”

“એલા છનકા! આ વિશ્વાના જોડા કોણ લઇ ગયું ?”

“કોણ શું? - વનકો લઇ ગયો !”

“તને ક્યાંથી ખબર ?”

“મને તો ભગલો કહે કે વનકો જોડા લઇ ગયો છે.”

“આ ભગલો આવે! અલ્યા ભગલા, તેં વનકાને જોડા લેતાં ભાળ્યો’તો કે?”

“ભાઇ, ભાળ્યો તો નથી. ઓલ્યો રવલો કે’તો’તો કે વનકો જોડા લઇ ગયો. પણ આ વિશ્વો પોતે આવે.”

“અલ્યા વિશ્વા! તારા જ જોડાની તપાસ કરીએ છીએ. કહે છે કે વનકો લઇ ગયો છે.”

“હા ભાઇ! ઇ જ લઇ ગયો છે. મને ઓલ્યો રામલો કહે’તો’તો કે રવલો કહે છે કે વનકો ચોર છે.”

“ચાલો ત્યારે રવલાને પૂછીએ.”

“એલા રવલા! આ વિશ્વાના જોડા વનકો લઇ ગયો છે?”

“ઇ નહિ તો બીજો કોણ લઇ જાય ?”

“તેં જોડા લેતાં ભાળ્યો’તો કે?”

"હું કાંઇ ત્યારે પાસે ઊભો'તો? એ તો ભીમલો કહેતો'તો કે વનકો લઇ ગયો છે."
"એલા ચાલો બધા, ભીમલાને ઘેર ચાલો."
"હેં ભીમલા! તેં તો વનકાને જોડા ચોરતાં ભાળ્યો'તો ને?"
"ભાઈ ! મેં મારી નજરે નથી ભાળ્યું. કો'ક કહેતું'તું કે વનકો ચોર છે!"

## [8] "શા'બ, છોકરાં રાખતો'તો !"

બાદશાહ ને બીરબલ બેઠા હતા..

બાદશાહ કહે : "એલા, બીરબલ ! કચેરીમાં મોડો કેમ આવ્યો ?"
બીરબલ કહે : "શા'બ, શું કરું ? - છોકરાં રાખતો'તો !"

બાદશાહ કહે : “પણ એમાં આટલું મોડું શાનું થાય ?”

બીરબલ કહે : “શા’બ ! છોકરાં રાખવાં બહુ આકરાં.”

બાદશાહ કહે : “હવે એમાં શું – છોકરાં રાખવા એમાં? રોવે - કારવે તો પાઇ - પૈસો આપીએ કે સેવમમરા ખવરાવીએ!”

બીરબલ કહે : “શા’બ, અનુભવ કરી જુઓ, પછી ખબર પડશે!”

બાદશાહ કહે : “એમાં અનુભવ શો કરવો - એવી નમાલી વાતમાં?”

બીરબલ કહે : “લ્યો ત્યારે, હું છોકરો થાઉં-તમે મને રાખી દ્યો!”

બાદશાહ કહે : “ઠીક, લે ત્યારે, હું બાપ થાઉં ને તું છોકરો થા.”

એટલે બીરબલ કહે : “એં...એં... એં...! બાપા, મારે દૂધ પીવું છે.”

બાદશાહ કહે : “એય, દૂધ લાવો.”

દૂધ આવ્યું. બીરબલે પીધું.

“એં...એં...એં...! બાપા, મારે ખંધોલે બેસવું છે.”

“એલા, ખંધોલે તે બેસાય?”

“પણ બાદશાહનો દીકરો છું ને?”

બાદશાહે બીરબલને ખંધોલે બેસાર્યો ને હેઠે ઉતાર્યો.

“એં...એં...એં... ! બાપા, મારે શેરડી ખાવી છે.”

બાદશાહે શેરડીનો સાંઠો મંગાવ્યો.

“એં... એં...! બાપા ! કટકા કરી દ્યો.”

બાદશાહે કટકા કરી દીધા.

“એં...એં...એં... ! હવે અમને આખી કરી દ્યો !”

બાદશાહ કહે : “લે લે, રાખ હવે! કટકા કરેલી શેરડી વળી આખી થતી હશે ક્યાંઇ? માળા મૂરખા!”

"એં...એં...એં... ! નઇં, અમને શેરડી આખી કરી દ્યો!"

"એલા સાંભળતો નથી? શેરડી આખી ક્યાંથી થતી'તી?"

બીરબલ રોવા માંડ્યો : "એં...એં...એં... ! કટકા નઇં, અમને શેરડી આખી કરી દ્યો!"

"હવે જા- શેરડીવાળો નો'તો ભાળ્યો!"

"નઇં બાપા ! અમારી શેરડી...."

"એલા, બીજો આખો સાંઠો લાવો."

"નઇં, નઇં ! આ કટકાનો જ આખો કરી દ્યો – બીજો નઇં!"

બાદશાહ કહે : "માળો કાલો લાગે છે."

બીરબલ કહે : "નઇ નઇ નઇ, મારી શેરડી આખી કરી દ્યો!"

બાદશાહ કહે: "આ માથાઝીંક તે કોણ કરે ? – એલા, કોઇ હાજર છે કે ? આ

છોકરાને લઇ જાઓ!”

બીરબલ હસી પડ્યો.

બાદશાહ કહે : “માળા બીરબલ! તારું કહેવું સાચું હોં!”

## [9] સસાભાઇ સાંકળિયા

એક હતું શિયાળ અને એક હતો સસલો. બંને જણાને ભાઈબંધી થઈ. બેય જણા એક વાર ગામ ચાલ્યા. રસ્તામાં બે મારગ આવ્યા, એક મારગ હતો ચામડાનો અને બીજો હતો લોઢાનો. શિયાળ કહે : “હું ચામડાને રસ્તે ચાલું.” પછી શિયાળ ચામડાને રસ્તે ચાલ્યું, ને સસલો લોઢાને રસ્તે ચાલ્યો.

લોઢાને રસ્તે ચાલતાં એક મઢી આવી. સસલાને તો ખૂબ ભૂખ લાગી હતી, તેથી તે બાવાજીની મઢીમાં ગયો. મઢીમાં આમતેમ જોયું, ત્યાં તો ભાઈને ગાંઠિયા ને પેંડા હાથ લાગ્યા. સસલાભાઇએ તો ખૂબ ખાધું, ને પછી મઢીનાં બારણાં બંધ કરીને લાંબા થઇને સૂતા. એટલામાં બાવો આવ્યો. મઢીનાં બારણાં બંધ જોઇ બાવાએ પૂછ્યું : “મારી મઢીમાં કોણ છે?” અંદરથી સસલાભાઇ તો ખૂબ રોફથી બોલ્યા:

એ તો સસોભાઇ સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ બાવા,
નીંકર તારી તુંબડી તોડી નાખું!

બાવો તો બીને નાઠો. ગામમાં જઇને એક પટેલને તેડી આવ્યો. પટેલ ઝૂંપડી પાસે જઇને બોલ્યો :

એ તો સસોભાઇ સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ પટેલ,
નીંકર તારી પટલાઇ તોડી નાખું!

પટેલ પણ બી ને ભાગી ગયો. પછી પટેલ મુખીને તેડીને આવ્યો. મુખી કહે : “કોણ છે ત્યાં બાવાજીની ઝૂંપડીમાં?” સૂતાં સૂતાં સસલાભાઇએ રોફબંધ કહ્યું :

એ તો સસોભાઇ સાંકળિયા,

ડાબે પગે ડામ; ભાગ મુખી,
નીંકર તારું મુખીપણું તોડી નાખું!

આ સાંભળીને મુખી પણ બીનો ને નાસી ગયો. પછી તો બાવાજી પણ ગયા. બધા ગયા પછી સસલાભાઇ મઢીમાંથી બહાર નીકળ્યા, શિયાળને મળ્યા. ને બધી વાત કહી.

શિયાળને પણ ગાંઠ્યાપેંડા ખાવાનું મન થઇ ગયું. તે કહે : “ત્યારે હું પણ મઢીમાં જઇને ખાઇ આવીશ.”

સસલો કહે : “પણ જો બાવો આવશે તો મઢીમાંથી બોલીશ કેમ?”

શિયાળ કહે : “હું પણ -

એ તો શિયાળભાઇ સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ બાવા,
નીંકર તારી તુંબડી તોડી નાખું!

- એમ બોલીશ.”

સસલો કહે : “ઠીક, જાઓ ત્યારે; લ્યો ગાંઠિયાપેંડાનો સ્વાદ!”

પછી શિયાળ તો અંદર ગયું ત્યાં તો તરત જ બાવાજી આવ્યા. અને બોલ્યા : “મારી મઢીમાં કોણ છે?”

શિયાળે હળવેકથી કહ્યું :
એ તો શિયાળભાઇ સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ બાવા,
નીંકર તારી તુંબડી તોડી નાખું !

બાવાજી તો સાદ પારખી ગયા, એટલે કહે : “ઓહો! આ તો શિયાળયું છે!” પછી બાવાજીએ બારણાં ખેડવ્યાં અને અંદર જઇ શિયાળને બહાર કાઢી ખૂબ માર માર્યો. શિયાળભાઇને ગાંઠિયા-પેંડા ઠીક મળ્યા!

# [10] લખડો ગાંડો

છોકરાં બધાં વાંસે વાંસે ફરે. એક મોટી ઘીંઘ. લખડો આ શેરીમાં જાય તો છોકરાં એ શેરીમાં જાય, ને લખડો બીજી શેરીમાં જાય તો સૌ તેમાં જાય. "લખડો ગાં...ડો ! લખડો ગાં...ડો !" કરીને બધાં લખડાને ખીજવે.

લખડો શું કામ ખિજાય? એ તો એની મેળે જવું હોય ત્યાં જાય, ને આવવું હોય ત્યાં આવે. લખડાનો વેશ ચીંથરિયો. ચીંથરાં ચીંથરાં બાંધીને મોટો ઝભ્ભો કરેલો, એ લખડો પહેરે. એને જોઇને ગામનાં કૂતરાંય ભસે. નાનાં છોકરાં તો એને જોઇને ઘરમાં સંતાઇ જાય. "ઓય બાપરે! લખડો આવ્યો."

રસ્તામાં જે પડ્યું હોય તે લખડો ઉપાડે. કોડી, બંગડી, કૂંચી, ભાંગેલું તાળું, સડી ગયેલું બુતાન, તૂટી ગયેલા કાચના હીરા, નાખી દીધેલાં ડબલાં — જે હાથ આવે તે લખડો ઉપાડે ! ને પછી એક દોરીમાં બધાંને બાંધીને મોટો હાર કરીને પહેરે.

ગામ બધાં એને ‘લખડા ગાંડા’ ને નામે ઓળખે, ગાંડા જેવો જ ખરો ને? બોલે તે ય ગાંડા જેવું; એનું બધું ગાંડું ગાંડું. છોકરાં કાંકરા મારે, તો લખડો કાંકરા લઇને ચીંદરીએ બાંધે. છોકરાં કહેશે : “લખડો વાં...દરો! લખડી વાં...દરી !” તો લખડો કૂદકા મારે. કહે: “રોવા માંડ જોઇએ?” તો લખડો રોવા માંડે.

લખડાને ઘરે નહિ ને બારે નહિ. જ્યાં ઊભા ત્યાં એનું ઘર, ને જ્યાં ઊભા ત્યાં એનું બાર. ઠામઠીકરું તો હોય જ શાનું કે લખડાને સાચવવું પડે? પંડ સાથે બધું

આવ્યું. ભૂખ લાગે તો લખડો કોઇને ત્યાં જઇને ઊભો રહે ને કહે : “ખાવા દેશો?” આપે તો ઠીક, નહિ તો બીજે ઘેર. પાંચ-સાત ઘર ફરે, મળે એટલું ખાય, નહિતર ભૂખ્યો તો રહે જ. લખડાને વાસણમાં કોણ ખાવા આપે? લખડો કહેશે : “મારા હાથમાં આપો, હું એમ ને એમ ખાઇ જાઉં,” દાળ હાથમાં લે, રોટલો ય હાથમાં લે, ભાતેય હાથમાં જ લે.

વરસાદ આવે તો લખડો ક્યાંક ભીંત વાંસે ઊભો રહે. શિયાળામાં ટાઢ વાય એટલે લખડો કૂતરાંની ભાઇબંધી કરે. ગલૂડિયાં ને કૂતરાંને પાસે સુવડાવે. કૂતરાં પણ એને બહુ હળેલાં. લખડો માગી આણેલ રોટલામાંથી અડધો કૂતરાંને આપે ને અડધો પોતે ખાય.

કોઇ કહેશે : “આવો ગાંડો તે કેવો?” ગાળો દઇએ તો કહેશે : “ભગવાન તમારું ભલું કરશે.” પગ બળતા હોય ને જોડા આપીએ તો કહેશે : “કોઇ ગરીબને આપજો — મારા તો પગ જ જોડા છે.”

લખડો ચાલ્યો જતો હોય ને કોઇક ત્રીજે માળેથી એઠું ફેંકે ને લખડા પર પડે, તો લખડો કહેશે : “આવું તો કોઇ દિવસ નહોતું થયું !”

પુરુષો બધા કામમાં હોય. એ લખડાની સામેય ક્યાંથી જુએ? ઘર આગળ લખડો બેઠો હોય ને પોતે ઘેર આવે તો કહેશે : “હટ લખડા! અહીં કેમ બેઠો છે?” અમલદાર આવે તો પટાવાળાને કહેશે : “આ લખડાને કાઢો અહીંથી — આંટા

મારે છે, તો માળો ચોર જેવો લાગે છે!" લખડો કહ્યા પહેલાં જ ઊભો થઇને ચાલ્યો જાય.

નવરાં બૈરાંઓ લખડાને બોલાવે અને પૂછપરછ કર્યા કરે : "લખડા ! તું વાણિયો કે બ્રાહ્મણ?"

લખડો કહેશે : "આપણે તો એકેય જાત નહિ."
"લખડા ! અલ્યા, તું જેનું તેનું ખાય છે, તે વટલાય નહિ ?"
"રોટલા તો બધાના સરખા જ છે ને ? એમાં વટલાવું'તું શું?"

"અલ્યા લખડા, આ વધારણી ખાંડી દે; બે પૈસા આપીશ."

લખડો કહેશે : “લાવો ને બાપુ! પૈસાનું શું કામ છે? એમ ને એમ ખાંડી આપતાં ક્યાં દુ:ખ પડે છે? પૈસા પાછો સાચવું ક્યાં? એ પૈસા તમારે ઘેર સારા.”

લખડો દિવસ આખોઆંટા માર્યા કરે. કોઇ ગાય પૂંછડે પડી હોય તો એને ઊભી કરે, કોઇક બકરીને વાણિયો મારે તો લખડો હાથથી પંપાળીને એને રમાડે, કોઇ ચકલીનું બચ્ચું માળામાંથી હેઠે પડી જાય તો પાંજરાપોળમાં મૂકી આવે. લખડો એવું એવું કરે. દિવસ આખો ચાલ્યો જાય. રાત પડે, લખડો ગામ બહાર ચાલ્યો જાય. દૂર દૂર નદીકાંઠે એક ભોંયરા જેવો ખાડો; એમાં જઇને લખડો બેસે. ભજન કરે ને ભગવાન ભજે.

ખરેખર, લખડો શું ગાંડો હશે?

# [11] હંસ અને કાગડો

એક હતું સરોવર; મોટા દરિયા જેવડું, એને કાંઠે એક વડ; મોટો બધો વડ. એની ઉપર એક કાગડો રહે. કાગડો તો કાળો મેશ; એક આંખે કાણો ને એક પગે ખાંગો, કાગડો બોલે : "કો-કો." કાગડો ઊડે તો જાણે પડ્યો કે પડશે. તોય કાગડાનો ગો માય નહિ. મનમાં તો એમ કે, મારા જેવું કોઇ ના ઊડે, મારા જેવું કોઇ ના બોલે!

એક વાર સરોવરને કાંઠે હંસ આવ્યા. આવીને વડ ઉપર રાત રહ્યા. સવાર પડી ત્યાં કાગડે ભાળ્યા. કાગડો વિચારમાં પડ્યો : "અરે, આ વળી કોણ હશે? આ નવતર પ્રાણી ક્યાંનાં?" કાગડે બાપગોતર હંસ ભાળ્યા હોય તો ને! કાગડે એક

પાંખ ફેરવી, એક પગ ઊંચો કર્યો ને રોફથી પૂછ્યું : “અલ્યા એ, કોણ છો તમે? અહીં કેમ આવ્યા છો? પૂછ્યા વિના કેમ બેઠા?”

હંસ કહે : “ભાઇ! અમે હંસ છીએ. ફરતા ફરતા આવ્યા છીએ; થાક ખાઇને હમણાં ચાલ્યા જશું.”

કાગડો કહે : “એ તો બધું જાણ્યું. પણ કાંઇ ઊડતાં – કરતાં આવડે છે? – કે ફક્ત મોટાં શરીર જ વધાર્યાં છે?”

હંસ કહે : “આવડે એવું સરખું-“

કાગડો કહે : “વારુ, ઊડવાની કાંઇ જાતો-બાતો આવડે છે? આપણને તો એકાવન

ઊડ આવડે છે.”

હંસ કહે : “એકાવન તો શું - અમે તો એકાદ ઊડ ઊડી જાણીએ.”

કાગડો કહે : “ઓયવોય ! એમાં તે શું મોટું?”

હંસ કહે : “એ તો અમને તો એવું જ આવડે ના?”

કાગડો કહે : “કાગડા જેવું કોઇ થયું છે? ક્યાં એકાવન, ને ક્યાં એક! કાગડો તે કાગડો, ને હંસ તે હંસ!”

હંસો સાંભળી રહ્યા ને મનમાં ને મનમાં હસી રહ્યા. પણ એક હંસ જુવાન હતો; એનાથી ન રહેવાયું, એનું લોહી ઊકળ્યું. એ બોલ્યો : “કાગડાભાઇ ! હવે બસ થઇ. નકામી વાત શી કરવી? ચાલોને આપણે જરાક ઊડી જોઇએ. તમારી

એકાવન ઊડ બતાવો તો ખરા! પછી જોઇએ, ને પછી ખબર પડે કે કાગડો તે કાગડો અને હંસ તે હંસ છે કે નહિ?"

કાગડો કહે : "ચાલો."

હંસ કહે : "ત્યારે બતાવો."

કાગડે તો ઊડો બતાવવા માંડી. ઘડીક ઊંચે ચડ્યો ને કહે : "આ એક ઊડ." પાછો નીચે આવીને કહે : "આ બીજી ઊડ." પાછો પાંદડે પાંદડે ઊડીને બેઠો ને કહે : "આ ત્રીજી ઊડ." વળી પાછો એક પગે જમણી કોર ઊડ્યો ને કહે : "આ ચોથી ઊડ." પાછો ડાબી કોર ઊડ્યો ને કહે : "આ પાંચમી."

કાગડે તો આવી ઊડો કરવા માંડી, પાંચ, સાત, પંદર, વીસ, પચીસ, પચાસ ને

એકાવન ઊડો કરી બતાવી. હંસ તો ટગર ટગર જોઇ રહ્યા. મનમાં ને મનમાં હસી રહ્યા.

એકાવન ઊડ પૂરી થઇ એટલે કાગડાભાઇ મલકાતા આવ્યા ને કહે : “કાં હંસભાઇ! કેમ, કેવી ઊડ?”

હંસો કહે : “ઊડ તો ભારે! પણ એક અમારી ઊડ પણ હવે જોશો ના?”

કાગડો કહે : “હવે એક ઊડમાં તે શી જોવી’તી! આમ પાંખો ફફડાવીને આમ કરીને ઊડવું - એમાં જોવું’તું શું?”

હંસો કહે : “એ તો ઠીક, પણ આ એક જ ઊડમાં સાથે ઊડવા આવવું હોય તો આવી જુઓ જરા ખબર તો પડે કે એક ઊડ પણ કેવી છે?”

કાગડો કહે : “ચાલો ને, તૈયાર જ છું! એમાં ક્યાં સાવજ મારવો છે?”

હંસ કહે : “પણ તમારેય સાથે જ રહેવું પડશે. તમે સાથે રહો, તો બરાબર જોઇ શકો ને?”

કાગડો કહે : “સાથે શું - આગળ ઊડું, પછી કાંઇ?”

તે આગળ ઊડ્યો ને હંસ તેની પાછળ ઊડ્યો.

કાગડે તો ફડફડ પાંખો ફફડાવીને મારી મૂક્યું. હંસ પાછળ સાવ ધીરે ધીરે પાંખો ફફડાવતો ચાલ્યો. ત્યાં કાગડો પાછો વળીને કહે : “કં? આ જ ઊડ છે ને! બીજું કાંઇ બતાવવું બાકી છે?”

હંસ કહે : “ભાઇ, જરા ઊડ્યા જાઓ, ઊડ્યા જાઓ, હમણાં ખબર પડશે.”

કાગડો કહે : “હંસભાઇ! વાંસે વાંસે કાં ચાલ્યા આવો? આવા ધીરા શું છો? ઊડવાના કાયર લાગો છો!”

હંસ કહે : “ઊડો તો ખરા; ધીરે ધીરે ઠીક છે.”

કાગડાની પાંખમાં હજી જોર હતું. કાગડો આગળ ને હંસ પાછળ ઊડ્યે જતા હતા.

કાગડો કહે : “કાં ભાઇ! આ જ ઊડ બતાવવી છે ને? લ્યો, ચાલો હવે થાક્યા હશો; પાછા વળીએ, આમાં કાંઇ માલ નથી.”

હંસ કહે : “જરા આગળ તો ઊડો! હજી ઊડ બતાવવી બાકી છે.”

કાગડો તો આગળ ઊડવા લાગ્યો. પણ કાગડાભાઇ હવે થાકી ગયા હતા. પોતે આગળના પાછળ થઇ ગયા. હંસ કહે : “કાં કાગડાભાઇ! પાછળ કાં રહો? ઊડ તો

હજી થવાની છે."

કાગડો કહે : "ઊડો ઊડો; હું જોતો આવું છું, ઊડ્યો આવું છું." પણ કાગડાભાઇ ઢીલા થઇ ગયા હતા, પંડમાં જોર નહોતું રહ્યું. ભાઇની પાંખો હવે પાણીને અડવા માંડી હતી.

હંસ કહે : "કાગડાભાઇ! આ પાણીને ચાંચ અડાડીને ઊડવું – એ ક્યા પ્રકારની ઊડ ભલા?" કાગડો શ જવાબ આપે?

# [12] ચોર પકડ્યો

દિલ્હી શહેરમાં એક શેઠને ત્યાં જબરદસ્ત ચોરી થઇ. તપાસ તો ઘણી થઇ, પણ ચોરનો પત્તો ન મળે. “આવડી મોટી ચોરીનો પત્તો નહિ?” રાજ આખામાં વાતો થવા લાગી. અકબરને કાને વાત પહોંચી. તેના મનને ખોટું લાગ્યું. ‘આવડો મોટો હું બાદશાહ, આવડું મોટું મારું રાજ, આટલી મોટી મારી પોલીસ, ને ચોર ન પકડાય?’ કચેરી ભરાઇ ને બાદશાહે બીરબલને પૂછ્યું : “બીરબલ! આ ચોરી હજી કેમ પકડાતી નથી?”

”હજૂર! પોલીસને માલૂમ.”

બાદશાહે પોલીસ સરદારને ફરમાન કર્યું : “આઠ દિવસમાં ચોરને પકડીને હાજર કરો નહિ તો ઘાણીએ તેલ કાઢશું.”

કચેરી બરખાસ્ત થઇ. અમીર ઉમરાવો સૌ સૌને ઘેર ગયા પણ પોલીસ અમલદાર મૂંઝાયો. ચોર ક્યાંથી કાઢવો? ને આઠ દિવસ પછી મોત માથે ઊભું જ છે! ઘણી મહેનત કરી, પણ ક્યાંય પત્તો ન મળે.

છેલ્લો દિવસ આવ્યો. પોલીસ અમલદાર ખૂબ મૂંઝાયો, “થઇ રહ્યું, આવતી કાલે હવે મોત આવ્યું!” અમલદાર મૂંઝાઇને ખાટલા પર પડ્યો હતો. દીકરીએ કહ્યું : “બાપુ! બીરબલને પૂછોને? બીરબલ ચતુર છે. એ રસ્તો બતાવશે.”

પોલીસ અમલદાર બીરબલ પાસે આવ્યો. બીરબલે વાત સાંભળી લીધી. “ઠીક છે. કાલે સવારે આવજો. ખુદા મહેરબાન, તો ચોર જરૂર પકડાશે.” અમલદાર વિચાર કરતો ઘેર ગયો. બીરબલ ઊઠી શેઠને ઘેર ગયો. ઘરની બધી સ્થિતિ જોઇ લીધી. બધી તજવીજ કરી લીધી. શેઠને કહી દીધું : “સાંજે આપના ચારે નોકરોને મારે ત્યાં મોકલજો.”

સાંજે શેઠના ચારે નોકરો બીરબલને ત્યાં હાજર થયા. બીરબલે સામે બેસારી ચારેની સિક્કલો જોઇ લીધી. પછી તેણે ચાર લાકડી કાઢી ને દરેકને એક એક આપીને કહ્યું : “તમારે આજની રાત અહીં સૂવાનું છે.ચારે જણા માટે ચાર ઓરડીઓ જુદી જુદી છે. આ એક એક લાકડી આપું છું તે ઓશીકે રાખીને સૂવાનું

છે. આ લાકડીની ખૂબી એવી છે કે જેને ચોરીની ખબર હશે તેની લાકડી રાતમાં ચાર આંગળ વધી જશે, જે ચોરીની વાતમાં જાણતો નહિ હોય તેની લાકડી એટલી ને એટલી જ લાંબી રહેશે."

ચારે નોકરો પોતપોતાની ઓરડીમાં ગયા, ને ઓશીકે લાકડી મૂકી સૂતા. ત્રણ નોકરો તો સૂતાવેંત ઊંઘી ગયા. તેઓ ચોરીની વાતમાં કશું જાણતા ન હતા; તેમને મન કશાની ચિંતા પણ ન હતી. પણ એક નોકરને કેમે કરી ઊંઘ આવે નહિ. વારે વારે લાકડી હાથમાં લે ને વિચાર કરે: "શું કરું? સવાર પડશે ને ચાર આંગળ વધી જશે! તો તો પકડાઇ જાઉં ના? હવે શું થાય?"

ત્યાં એક વિચાર સૂઝ્યો. ચારે કોર આંખ ફેરવી. બીરબલે દરેક ઓરડામાં એક સારું એવું ચપ્પું મૂકી રાખ્યું જ હતું. નોકરે તે ઉપાડ્યું. લાકડી ઉપર ચાર આંગળ ભરી કાપો કર્યો ને ચપ્પુ વડે ચાર આંગળ જેટલી લાકડી કાપી નાખી. પછી લાકડી ઘસી કારવી પહેલાંની જેમ જ ટોપકું જેવું મેલું ન વપરાયેલું હતું તેવું કરી નાખ્યું ને મનમાં બોલ્યો : “હાશ ! હવે ફિકર નહિ. હવે ભલે તે ચાર આંગળ વધતી! વધશે એટલું તો કાપી નાખ્યું છે, એટલે સવારે તો હતી એટલી જ રહેશે.”

ત્યાર પછી તે સૂતો ને નિરાંતે સવાર સુધી ઊંઘી રહ્યો.

બધા નોકરો  ઊઠે તે પહેલાં જ બીરબલે ઓરડીઓનાં બારણાં ઉઘડાવ્યાં ન નોકરોને લાકડીઓ લઇ હાજર થવા કહ્યું.

ચારે જણા પોતપોતાની લાકડીઓ લઇને હાજર થયા.

ત્રણના મનમાં તો ચિંતા જ ન હતી. ચોથાને પણ હતું કે લાકડી તો એટલી ને એટલી જ રહેવાની છે!

ત્રણ નોકરોની લાકડી જોવાઇ ગઇ; ત્રણે જણને રજા આપી દીધી. ચોથાની લાકડી લીધી – પણ તે તો ચાર આંગળ ટૂંકી નીકળી!

બીરબલે તે માપી ને ચોથા નોકરે તે જોઇ. તે સજ્જડ જ થઇ ગયો!

તે કહે : “સાહેબ! હું જાણતો નથી કે એ કેમ ઓછી થઇ, સાહેબ! હું તો ઓશીકે રાખીને સૂઇ જ ગયો હતો.”

પણ ત્યાં તો પોલીસ અમલદાર ને એનો કોરડો હાજર હતા. એક ઘડીકમાં નોકર બધું માની ગયો ને ચોરાઉ માલ રજૂ કર્યો. પોલીસ અમલદારે બીરબલનો આભાર માન્યો, શેઠનો માલ પાછો મળ્યો અને બાદશાહને પણ આનંદ થયો.

## [13] ઠાકોર અને રંગલો

[ઘણે દિવસે ઠાકોર પરદેશથી પાછા ફરે છે. રંગલો નોકર તેમની સામે જાય છે. બંને ભેગા થાય છે. તેથી ખુશ થઈ હળેમળે છે. પછી ઠાકોર રંગલાને દરબાર વગેરેના ખબરઅંતર પૂછે છે.]

ઠાકોર : કેમ રંગલા! ઘરના શા ખબર છે?

રંગલો : સારા ખબર છે, ઠાકોર !

ઠાકોર : છે તો સૌ હીમખીમ ને?

રંગલો : (જરા મોળું બોલે છે) હા....

ઠાકોર : કેમ જરા મોળું ભણે છે? છે તો સૌ હીમખીમ ને?

રંગલો : (અચકાતો બોલે છે) હા; પ....ણ એક જરા...ક કહેવાનું છે.

ઠાકોર : તું તો બધાં હીમખીમ કહે છે, ને વળી કહેવાનું શું છે?

રંગલો : કાંઇ નહિ... એ તો આપણો બાજિયો કૂતરો મરી ગયો.

ઠાકોર : અરરરર! બાજિયો કૂતરો? મોટો સિંહ જેવો શૂરો! હરણી જેવો ઉતાવળો! હાથી જેવો મસ્ત! અરે - એ મરે જ શેણે?

રંગલો : હા, બાપુ! મરે એવો તો નો'તો, પણ આપણી હરડી ઘોડીનાં હાડકાં કરડીને મૂઓ?

ઠાકોર : (ચિડાઇને) અરે બેવકૂફ! શું બોલ્યો? ઘોડીને વળી શું થયું?

રંગલો : ઘોડી બિચારી મરી ગઇ...

ઠાકોર : અરે - તું તો જરાક કે'તો'તો, ને આ બધું ક્યાંથી નીકળ્યું? બોલ તો

ખરો! ઇ પંચકલ્યાણી, રેવાળ ચાલની, કૂંકે ગાઉ દોડનારી મારી વા'લી હરડી શાથી મૂઇ?

રંગલો : એમાં કાંઇ મનમાં ન લગાડવું, ઠાકોર! જેવી ઇશ્વરની મરજી!...ઘોડી તો ખડ ને ચંદી વિના મરી ગઇ, બાપુ!

ઠાકોર : અરે મૂર્ખા! ખડની ગંજીઓ અને ચંદીનાં કોઠારિયાં ભરી મૂક્યાં હતાં, તે ક્યાં ગયા?
રંગલો : એ બધાં તો આઇમાનાં કારજમાં વપરાઇ ગયાં....
ઠાકોર : અરરર! આ તે શો ગજબ! આઇમા મૂઆં? મારા ઘરનું નાક! સુખનું કારણ ને દુ:ખનો વિસામો! એને તે શું થયું?

રંગલો : આઇમા તો કુંવરને દુ:ખે મૂઆં.

ઠાકોર : એલા ગમાર! કુંવરનું એવડું તે કેવડું દુ:ખ કે સમૂળગાં આઇ મૂઆં?

રંગલો : કુંવરનું દુ:ખ કાંઇ ઓછું કહેવાય? ઠાકોર! આઇમા તો કુંવરની પાછળ ઝૂરી ઝૂરીને ગયાં....

ઠાકોર : હાય હાય! મારો કુળદીપક કુંવર ગયો? કહે તો ખરો - એ શી રીતે મૂઓ?

રંગલો : બાપુ! કુંવર તો ધાવણ વગર મૂઓ...

ઠાકોર : અરે મોકાણિયા! ભસ તો ખરો! શું ઠકરાણાંએ ધવરાવ્યો નહિ તેથી મૂઓ?

રંગલો : બાપુ! ઠકરાણાં હોય ત્યારે ને? એ તો સૌથી પહેલાં મૂઆં...

ઠાકોર : અરરર! ઠકરાણાં શાથી મૂઆં?

રંગલો : કોગળિયું થયું તે મરી ગયાં...

ઠાકોર : આ તો કોઇ ન રહ્યું! ત્યારે હવે ઘર કોણ સંભાળતું હશે?

રંગલો : બાપુ! ઘર સાચવવા જેવું નથી રહ્યું. એ તો એક દિવસ લાલબાઇએ સરખું કરી નાખ્યું છે...

ઠાકોર : અરે પ્રભુ ! અરે રામ ! ગજબ થયો !

[ઠાકોર પોકેપોકે રડે છે. રંગલો તેને છાના રાખે છે.]

# [14] ડોસો અને દીકરો

એક હતો ડોસો અને એક હતો દીકરો. બાપ દીકરો પરગામ ગધેડું વેચવા ચાલ્યા. આગળ બાપ દીકરો ચાલ્યા જાય છે ને પાછળ ગધેડું દોરાયું આવે છે.

રસ્તે માણસો મળ્યા. તે કહે, “અરે રામ! આ બાપ દીકરા જેવા કોઇ જોયા છે? નાહકનું ગધેડું ચાલ્યું આવે છે, ને બાપદીકરો પગ તોડે છે!”

બાપે દીકરાને ગધેડા પર બેસાડ્યો ને પોતે ગધેડું દોરી આગળ ચાલ્યો. બે બાઇઓ મળી. બાઇઓ કહે : “અરે રામ! આ કળજુગ ભાળ્યો? પાંસઠ વરસનો બાપ ચાલ્યો આવે છે, ને દીકરો શાહજાદો ગધેડે બેઠો આવે છે!”

દીકરો હેઠે ઊતર્યો ને બાપ ગધેડા પર બેઠો. ત્યાં બે બુઢ્ઢિયા મળ્યા. ગધેડા ઉપર બેઠેલા બુઢ્ઢાને જોઇ કહે : “એલા, તારા ધોળામાં ધૂળ પડી! લાજતો નથી? આ છોકરો બાપડો ચાલ્યો આવે છે, ને તું ખાસો ગધેડે ચડીને બેઠો છે તે!”

ડોસો શરમાઇ ગયો ને દીકરાને પોતાની આગળ બેસાડ્યો. જરાક દૂર જાય, ત્યાં ભાઇઓનું એક ટોળું મળ્યું, તે કહે : “અરે! છે આ બાપદીકરાને દયા? આ રૂપાળા ગધેડા ઉપર બેઠા આવે છે! એને કાંઇ વાચા છે તે બોલે? બિચારો ભારથી ભોંયે અડ્યો છે!”

બાપ-દીકરો ગધેડા ઉપરથી ઊતરી પડ્યા.

દીકરો કહે : “બાપા, ત્યારે હવે આપણે શું કરશું?”

ડોસો કહે : “ચાલો ત્યારે આપણે જ ગધેડાને ઉપાડીએ.”

બાપદીકરાએ વળીએ બાંધીને ગધેડાને ઉપાડ્યો. પુલ ઉપરથી જતાં ગધેડાએ તોફાન કર્યું ને બાંધેલ દોરીઓ છૂટી ગઇ. ગધેડાભાઇ પાણીમાં, ને રામ બોલો ભાઇ રામ !

# [15] પીરુ

પીરુ જુવાન હતો. કાંડામાં બળ હતું. પગમાં જોર હતું. ચહેરો ગુલાબી હતો. પીરુ માથે ઓડિયાં રાખે. ડિલે તસતસતું કેડિયું પહેરે અને હાથમાં ડાંગ રાખે. પીરુ જુવાન હતો, બાપા ઘરડા હતા. સિત્તેર વરસનું ઠોઠું. માથે પળી ને આંખે મોતિયો. પગ ચાલતા નહોતા.

બાપાને પીરુ વહાલો, ને પીરુને રમજુ વહાલો. પીરુ બાપાનો, ને રમજુ પીરુનો. બેઉ બાપાના તો ખરા જ, પણ પીરુ બાપાનો ને રમજુ પીરુનો. બાપને મન છ માસનો રમજુ યે છોકરું, ને અઢાર વર્ષનો પીરુ યે છોકરું.

બાપા ઓશરીમાં બેસે. બજર સૂંઘે, બંદગી કરે, બે ટંક રોટલા ખાય, ને રમજુને હેત કરી રમાડે. પીરુ ઘાણી હાંકે, તેલ વેચે, ઘરાક સાચવે, પૈસા ગણે ને વેપાર ચલાવે. બાપા ઓશરીમાં બેઠા બેઠા પીરુને હરતોફરતો જોઇ રાજી થાય. પીરુ વારેઘડીએ ઘરમાં જઇ જઇ રમજુને રમાડે.

બાપાને પીરુની પહેલી ફિકર, ને પીરુને રમજુની પહેલી ફિકર. પણ પીરુને મન બાપાની ફિકર લેખામાં યે નહિ! ને રમજુ ક્યાં પીરુની ફિકર સમજે તેમ હતો? બાપા કહેશે : “પીરુ! અડધી રાતે બહાર ચાલ્યો, તે લાકડી લેતો જજે. અને જોડા પણ પહેરતો જજે.”

પીરુ કહેશે : “બાપા! એટલી બધી ફિકર શું કામ કરો છો? અમને એટલી ખબર નહિ પડતી હોય?” પીરુ જાણી જોઇને જોડા પહેર્યા વિના જ ચાલ્યો જાય. પોતે

જુવાન હતો ના! બાપાનો જીવ કળીએ કળીએ કપાય. પણ પીરુને તો ગગનમાં ગાજે! કડકડતી ટાઢ પડતી હોય ને પીરુ ઉઘાડે ડિલે બળદને નીરણ નાખતો હોય. બાપા કહેશે : "પીરુ! પછેડી ઓઢ, પછેડી; ક્યાંઇક ઝપટમાં આવી જઇશ, ઝપટમાં!"

પીરુ કહેશે : "બાપા! ઇ ટાઢ તો તમને ઘરડાને વાય; મને તો ઊલટો ઘામ થાય છે ઘામ!"

છોકરો મોટો અને જુવાન; વખત આવું એલફેલ બોલી નાખે. બાપા કહેશે : "હશે! અણસમજુ છે." તોયે આખરે બાપ!

ઉનાળાના ખરા બપોર તપતા હતા, ને સૂરજ માથે આવ્યો હતો. પીરુ છાપરું ચાળતો હતો. બાપાએ બૂમ પાડી : “એ પીરુ! હવે તો હેઠો ઊતર. ક્યારનો ચડ્યો છે તે આ બપોર થઇ ગયા.”

પીરુ કહે : “બાપા, હવે એક કાવું ઢાંકીને આ ઊતર્યો! બાપા, હમણાં જ ઊતર્યો સમજો.”

પીરુ નળિયા ફેરવતો હતો; પણ બાપા ઉતાવળા થયા અને એમ કે, મારો પીરુ તડકે તપે છે; વખતે એનું આંખ માથું દુ:ખે, બાપે ફરી બૂમ પાડી : “પીરુ! હેઠો ઊતર્યો કે? માથે ધોમ ધખ્યો છે - ખબર નથી પડતી? આ રોટલાવેળા તો થઇ!”

પીરુ તડકામાં તપ્યો, “આ અડધું કાવું ઢાંકીને ઊતરું છું, ત્યાં આવડી ઉતાવળ શી છે? બાપુ! ભૂખ લાગી હોય તો તમે ખાઇ લ્યો ને! એમ તો વાર લાગશે.”

બાપ વિચારમાં પડ્યો; જરા માઠું લાગ્યું, તેનાથી ન રહેવાયું. ઊંચે સાદે બોલ્યો : “એલા પીરુ! ગાંઠતો નથી કે? આ માથે આગ વરસે છે, ને કાવું ઢાંકવા બેઠો છે? ત્યાં ભૂખની કોને પડી છે? મને તારી ફિકર છે!”

પીરુ બબડ્યો : “આ બાપા જોને? એને મારી ફિકર થાય છે! હું નાનો રમજુ હોઇશ, ખરું ના? એ બાપા! તમે તમારે નિરાંતે બેસો. હું કાંઇ કીકલો નથી — મને શાનો તડકો લાગે? આ ઢાંકીને ઊતર્યો.”

બાપા કહે : “એલા, અબઘડીએ ને અબઘડીએ ઊતરે છે કે નહિ? મારે તારું કાવું નથી ઢાંકવું! એક વાર હેઠો ઊતરે છે કે નહિ? આ તડકો નથી જોતો?”

પીરુ કહે : “બાપા! તમે તમારે ગમે એમ કરો. ગમે તો રાડો નાખો, ને ગમે તો બેઠા રહો. આ કાવું ઢાંક્યા પછી બીજી વાત... ને તડકો તમને ક્યાં લાગે છે, તે તડકો-તડકો કરીને માથું પકવો છો? તડકો લાગવાની શું અમને ખબર નહિ પડતી હોય?”

બાપાનો જીવ દુ:ખાયો. બાપા ખિજાયા. બાપા ઘરમાં દોડ્યા ને રમજુનું ઘોડિયું ઉપાડ્યું. ધ્રૂજતે હાથે ને લથડતે પગે ઘોડિયું બહાર કાઢ્યું ને ફળિયામાં મૂક્યું; લે

ત્યારે, જો હવે તડકો લાગવાની ખબર પડે છે કે નહિ? હવે હેઠો ઊતરે છે કે નહિ?”

ઠેકડો મારીને પીરુ હેઠો ઊતર્યો : “હં હં બાપુ! આ શું કર્યું? આ રમજુડો મરી જશે! આવડા બાળકને આગમાં મૂકતાં વિચાર નથી આવતો?” પીરુએ એક જ હાથે ઘોડિયું ઉપાડીને ઓશરીની કોર ઉપર મૂક્યું.

બાપે કહ્યું : “બેટા! રમજુ તને કેવો વહાલો છે! એવો જ તું મને વહાલો છે. જેવો તું એનો બાપ, એવો જ હું તારો બાપ. જેવો રમજુ પીરુને મન કીકો, એવો જ પીરુ મારે મન કીકો! જેવો તારો રમજુ, એવો જ મારો તું. સમજ્યો, બાપુ?”

ડોસાની આંખમાં આંસુ આવ્યાં, પીરુ શરમાઇ ગયો, તેણે નીચું જોયું. તેની આંખમાંથી પણ આંસુ ખર્યા.

## [16] બાપા - કાગડો

એક હતો વાણિયો. વાણિયાને છ-સાત વરસનો એક છોકરો. છોકરો બહુ કાલો ને પડપૂછણિયો હતો. રોજ તે બાપની સાથે દુકાને જાય અને બાપને કાંઈનું કાંઈ પૂછ્યા જ કરે. વાણિયો એટલો બધો શાંત હતો કે દીકરાને રાજી કરવા માટે જે પૂછે તેનો જવાબ આપ્યા કરે. કોઇ દિવસ ઘેલિયાને નાખુશ કરે નહિ. કોઇ દિવસ પોતે ખિજાઇ ન જાય. હંમેશાં ઘેલિયાભૈ કહે તેમ કરે.

એક દિવસ ઘેલિયો બાપની સાથે દુકાને આવ્યો અને લાડથી બાપનો ખોળો ખૂંદવા લાગ્યો ને જે તે પૂછવા લાગ્યો. એટલામાં, દુકાનની સામે એક ઝાડ હતું તેના પર એક કાગડો આવીને બેઠો ને "કો-કો" કરવા લાગ્યો. ઘેલિયાએ કાગડાને જોયો, એટલે તેની તરફ આંગળી કરીને બાપને કહ્યું : "બાપા—કાગડો !"

બાપા કહે : "હા, ભાઇ ! કાગડો."

ફરી વાર છોકરે બાપનો હાથ પકડી કહ્યું "બાપા-કાગડો !"

બાપાએ એટલી જ ધીરજથી કહ્યું : "હા, ભાઇ ! કાગડો. "

જવાબ આપીને બાપ દુકાનના કામમાં જરા રોકાયો, એટલે વળી છોકરે બાપનો ગોઠણ હલાવી કહ્યું : “જુઓ તો બાપા—કાગડો !”

બાપે ધંધામાંથી ધ્યાન કાઢી ઘણી શાંતિથી કહ્યું : “હા બેટા ! કાગડો.”

છોકરાને આટલાથી સંતોષ થયો નહિ. બાપ પાછો પોતાના કામમાં રોકાયો, ત્યાં તેની પાઘડી ખેંચી વળી બોલ્યો : “બાપા—કાગડો !”

બાપે જરા પણ ચિડાયા વિના કહ્યું : “હા, ભાઇ ! કાગડો-હં.”

છોકરો તો વેને ચડ્યો ને વળી બોલ્યો : “જુઓ તો ખરા ! બાપા—કાગડો !”

બાપે ચોપડો લખતાં લખતાં છોકરા સામે જોઇને વળી કહ્યું : “હા હોં, બેટા ! કાગડો. એ કાગડો છે, હં.”

થોડી વાર સુધી છોકરો કાગડા સામે જોઇ રહ્યો, અને વળી ધૂરી આવી હોય તેમ બાપનો ખભ્ભો જોરથી હલાવીને બોલ્યો : “બાપા—કાગડો !”

બાપે જરા પણ ગુસ્સે થયા વિના કહ્યું : “હા, ભાઇ ! કાગડો.”

આ રીતે છોકરો તો વારેવારે બાપને “બાપા—કાગડો !” “બાપા—કાગડો !” એમ ચીંધતો ગયો, ને બાપ “હા, ભાઇ, કાગડો”, “હા, ભાઇ, કાગડો !” એમ બોલતો જ રહ્યો. છેવટે છોકરો થાક્યો અને “બાપા—કાગડો !” બોલતો બંધ પડ્યો.

બાપ વાણિયો હતો, શાણો હતો, છોકરો જેમ જેમ “બાપા—કાગડો !” “બાપા-કાગડો !” બોલતો ગયો તેમ તેમ તે પોતાના ચોપડામાં “બાપા-કાગડો !” “હા, ભાઇ! કાગડો.” એ પ્રમાણે લખતો ગયો. છોકરો થાકી ગયો ત્યારે બાપે ગણી જોયું તો બરાબર એકસો વાર “બાપા-કાગડો!” “હા, ભાઇ ! કાગડો.” લખાયેલું હતું ભવિષ્યમાં કોઇ દિવસ આ ચોપડા કામ આવશે, એમ ધારી ડાહ્યા વાણિયાએ ચોપડાને સાચવીને જૂનાં દફતરોમાં મુકાવ્યો.

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં, વાણિયો છેક ઘરડો થઇ ગયો હતો: ને પેલો ઘેલિયો ત્રીશ વર્ષનો જુવાન થઇ ગયો હતો. ઘેલિયો તો હવે મોટો શેઠ બની રહ્યો હતો અને વેપાર ધમધોકાર ચાલતો હતો. ‘ઘેલિયો’ સઘળે ‘ઘેલાશેઠ’ ‘ઘેલાશેઠ’ થઇ પડ્યો હતો ને તેનું બધેય બહુ માન હતું.

પરંતુ ઘરડો વાણિયો દુ:ખી હતો. ઘેલાશેઠ તેને બહુ દુ:ખ આપતો હતો. બાપ બહુ કંટાળ્યો, એટલે ઘેલિયાને કેવા લાડથી ઉછેર્યો હતો એ તેને યાદ આપવાનો તેણે વિચાર કર્યો. એક દિવસ ઘરડો વાણિયો લાકડીને ટેકે ટેકે દુકાને ગયો અને ઘેલાશેઠની ગાદીએ ચડીને બેઠો. બાપને જોઇને દીકરો ચિડાયો ને મનમાં બબડ્યો : “આ ડોસો વળી અહીં ક્યાં આવ્યો? નકામો ટકટકાટ કરશે અને જીવ ખાશે!”

થોડી વારમાં ડોસાએ એક કાગડો જોઇ ટાઢે પેટે કહ્યું : “ભાઇ-કાગડો !” ઘેલાશા તો ડોસાના પ્રશ્નથી જ વિચારમાં પડ્યા અને ચિડાઇને બોલ્યા : “હા, બાપા! કાગડો.”

ડોસાએ વળી કહ્યું : “ભાઇ-કાગડો.”

ઘેલાશાએ જરા વધારે ચિડાઇને અને કાંઇક તિરસ્કારથી જવાબ વાળ્યો : “હા, બાપા! કાગડો.”

ડોસાએ જાણ્યું કે દીકરો ચિડાય છે.પરંતુ તે દીકરાની આંખ ઉઘાડવા જ આવ્યો હતો, તેથી પૂરેપૂરી શાંતિ રાખી ફરી બોલ્યો : “ભાઇ-કાગડો !”

ભાઇ તો હવે ભભૂકી ઊઠ્યા : “હા, બાપા! કાગડો. હા, એ કાગડો છે એમાં વારે વારે ભાઇ-કાગડો! ભાઇ-કાગડો!” એમ શું બોલ્યા કરો છો? મને મારું કામ કરવા દો ને.” કહીને ઘેલાશા આડું મોં કરીને પોતાને કામે લાગ્યા.

ઘરડો વાણિયો કંઇ કાચો ન હતો. તેણે ઘેલાશાનો હાથ પકડી, કાગડા તરફ આંગળી કરી ઠંડે પેટે કહ્યું : “ભાઇ-કાગડો!”

હવે ઘેલાશાનો મિજાજ ગયો. તેણે વિચાર્યું : “આ ડોસો જો ને નકામો “ભાઇ-કાગડો!” લવ્યા કરે છે! નથી કાંઇ કામ કે કાજ, નવરો પડ્યો એટલે નકામો લવારો!”

તેણે ડોસા સામે જોઇ કહ્યું: “બાપા! ઘેર જાઓ. અહીં તમારું શું કામ છે? દુકાને કામકાજમાં નાહક શા માટે ડબડબ કરો છો?”

શાંતિથી જરા હસી, કાગડા સામી આંગળી કરી, ડોસો બોલ્યો : “પણ, ભાઇ-કાગડો!”

"હા, બાપા ! કાગડો-કાગડો-કાગડો ! હવે તે કેટલી વાર કાગડો? કાગડામાં તે શું છે તે 'કાગડો' 'કાગડો' કરો છો?"

ડોસો ફરી વાર આંગળી કરી "ભાઇ-કાગડો !" એમ બોલે તે પહેલાં ઘેલા શેઠે વાણોતરને કાગડો ઉડાડી મૂકવાનું કહ્યું. કાગડાને ઉડાડી મુકાવ્યો. પછી લખતો લખતો, પોતાના મનમાં બળતો મોટેથી બબડ્યો, "ખરેખર, 'સાઠે બુદ્ધિ નાઠી' તે બરાબર સાચું છે. આ ડોસાની બુદ્ધિ હવે છેક ગઇ છે. હવે તો ડોસો મરે તો સારૂં!"

ડોસાની આંખે આંસુ આવ્યાં. તેણે જૂના વાણોતરને બોલાવીને પેલો જૂનો ચોપડો કઢાવી ઘેલાશાના હાથમાં "બાપા-કાગડો." લખેલું પાનું મૂક્યું. ઘેલાશાને તેના બાળપણની સઘળી હકીકત વાણોતરે કહી સંભળાવી. ઘેલાશા તરત બધું સમજી

ગયો, દીકરે બાપની માફી માગી અને તે દિવસથી બાપની ખરા દિલથી ચાકરી કરવા લાગ્યો.

## [17] ભેંશ ભાગોળે

ગામડું એવું ગામ હતું. એક વાર પાદરે ભેંસો વેચાવા આવી. ગામના પટેલને થયું કે હું એક ભેંસ લઉં. એ જઈને પટલાણીને કહે : “સાંભળ્યું કે? આપણે એક ભેંસ લેવી છે. આંગણે ભેંસ હોય તો સારું. છોકરાં છૈયાંને દૂધ મળે; બાકી મેળવીએ એનું દહીં થાય, ઘી થાય; ને છાશ થાય તે આડોશીપાડોશીને અપાય.”

પટલાણી કહે : “એ બધું ઠીક, પણ જાડી રેડ જેવી છાશ તો હું મારાં પિયરિયાંને જ આપીશ.”

”તે એકલાં તારાં પિયરિયાં જ સગાં, ને મારાં સગાં તો કાંઇ નહિ, કાં? એમ છાશ નહિ અપાય.” પટલાણી કહે : “નહિ કેમ અપાય? અપાશે, ઘર તો મારું ય છે ને? ને ભેંશ તો મારી યે તે, ને તમારી યે તે. બહુ બહુ તો દૂધ તમારાં સગાંને, પણ છાશ મારાં પિયરિયાંને!”

પટેલ કહે : “છે ડંભો !”

પટલાણી કહે : “તમારાંને આપો!” આમ કરતાં વાત વધી પડી ને પટેલ-પટલાણી લડી પડ્યાં!

એક તો પટેલ - ને એમાં વઢવાડ થઇ, પછી જોઇ લ્યો! પરોણી લઇને પટેલે પટલાણીને સબોડી જ નાખ્યાં! ઘરમાં હો-હો થઇ રહ્યું. આડોશીપાડોશી દોડી આવ્યાં.

”છે શું, પટેલ? આ શું માંડ્યું છે?”

પટલાણી કહે : ‘જુઓ તો બાપુ — આ વાંસામાં સોળ ઊઠ્યા છે તે! પટેલનો કાંઇ હાથ છે!”

પટેલ કહે : “તે કો’કની જીભ ચાલે, ને કો’કનો હાથ ચાલે!”

”પણ છે શું? કજિયો શાનો છે?”

”એ તો છાશનો છે. પટેલ કે’છે કે છાશ તારાં પિયરિયાંને નહિ! તે નહિ શું કામ? દૂધ ભલે ને એનાં ખાય; મારાં પિયરિયાં સુધી છાશે નહિ? એ મારે નહિ ચાલે!” ત્યાં તો પાછા પટેલ ખિજાયા ને પરોણી લઇને દોડ્યા.

પાડોશમાં એક ઠાવકો વાણિયો હતો. તેણે વિચાર્યું : “અરે, ભેંશ તો હજી ભાગોળે છે, ને આ ધમરોળ શાના?”

વાણિયો હતો યુક્તિવાળો. જઇને કહે : “પટેલ, પટેલ ! વઢવાડ શું કરો છો? આ તમારી ભેંશે શિંગડું મારીને અમારી વંડી પાડી નાખી — તે ચણાવી આપો! ઢોર રઝળતાં મૂકતાં શરમાતા નથી?”

પટેલ કહે : “ભેંશ વળી કોને હતી?”

વાણિયો કહે : “ત્યારે કઇ ભેંશની છાશ સારુ લડો છો?”

પટેલ-પટલાણી શરમાઇ ગયાં ને છાનાંમાનાં કામે લાગ્યાં.

## [18] ભોળો ભટ

ભોળો ભટ કાશીએ જઇને ભણતર ભણી આવેલા. શાસ્ત્ર જાણે ને કથા વારતાય આવડે, ભોળા ભટ એક વાર પરગામ કથા વાંચવા નીકળ્યા. જઇને ગામને ચોરે ઉતારો કર્યો. ત્યાં તો ગામના પટેલિયા ભેળા થયા ને ભટજીને તો ડેલીએ તેડી ગયા. સારા ઉતારા આપ્યા ને સીધાંપાણી મોકલીને ભટને સારી પેઠે જમાડ્યા. જમી કરીને ભટજી ડેલીએ આવ્યા. પટેલિયા કહે : “ભટજી ! કેમ આવવાં થયાં?”

ભટ કહે : “જે કહેવાય તે ‘ભાગવત’ તો મહારસ છે. એમાં શ્રીકૃષ્ણ ભગવાનની લીલાનું વર્ણન છે. આ એનું પારાયણ કરવા અમે આવ્યા છીએ.”

પટેલિયા કહે : “બહુ સારું. આ આપણે ચોરે રોજ રાતે તમે કથા કરજો. પણ એક વદાડ છે - જો ‘હરે નમઃ’ કરતાં અમે થાકીએ, તો તમને પાંચસો રૂપિયા શીખમાં દેવા; ને જો ‘ભાગવત’ વાંચતાં તમે થાકો, તો તમારે અહીં ‘ભાગવત’ મૂકીને જવું.”

ભટ કહે : “ભલે, કાંઇ વાંધો નહિ. આપણે વદાડ કબૂલ છે.”

બીજે દિવસે ભટે તો ‘ભાગવત’નું પારાયણ શરૂ કર્યું. ભટ તો સંસ્કૃત શ્લોક વાંચતા જાય, અર્થ કરતા જાય ને સમજાવતા જાય. બધું સમજાવી રહે ત્યારે

પટેલિયા બોલે “હરે નમ:” ભટને તો કેટલુંયે વાંચવાનું; એ ઘણું બોલે ત્યારે પટેલિયાને તો એક વાર “હરે નમ:” જ કહેવાનું.

ભટતો વાંચતાં વાંચતાં થાક્યા. છ દિવસ તો કથા વાંચી, પણ સાતમે દિવસે ભટજીનો સાદ બેસી ગયો. ઘણું કરે, પણ ગળું ઊઘડે તો કે? પટેલિયા તો બેઠા બેઠા “હરે નમ:” કરતા. ભટ તો હારી ગયા. પટેલિયા કહે: “લ્યો, ભટજી પોથી મૂકીને પધારો.”

ભટજી શું કરે? ‘ભાગવત’ મૂકીને ઘેર ગયા. ઘેર જઇને મોટાભાઇને માંડીને બધી વાત કરી. ભાઇ કહે : “ઠીક છે, મને જવા દે. એ જ ગામમાં જાઉં ને ‘ભાગવત’ પાછું લાવું તો જ હું ખરો!” આ ભાઇ કાંઇ ભણેલાગણેલા નહિ; કોણ જાણે પૂરી

હાથજોડ કરાવતાં આવડતી હોય તો! બાકી ડિંગળશાસ્ત્ર જાણે, ગપ્પેગપ્પાં લગાવે ને ગામડાંના માણસોને બરાબર સમજાવી જાણે.

ભાઇએ તો એ જ ગામમાં જઇને ચોરે બેઠેલા પટેલિયાઓને રામરામ કર્યાં. પટેલિયા તો પગે લાગ્યા ને કહે, રામરામ. બેઠા-કારવ્યા પછી પટેલિયાઓએ મહર કરી કહ્યું : "કાં ભટજી! કથા વાંચવા આવ્યા છો કે? આ એક ભટ તો 'ભાગવત' મૂકીને ગયો છે. તમારેય 'ભાગવત' મૂકીને જવું હોય તો માંડો વાંચવા."

ભટ કહે : "બધાય સરખા ન હોય. કથા કથાએય ફેર હોય ને? હું તો ડિંગળશાસ્ત્ર ભણ્યો છું. એવું તો કો'ક જ ભણ્યા હોય ને?"

પટેલિયા કહે : “પણ આ અમારો વદાડ સમજ્યા? આ અમે ‘હરે નમ:’કરતાં થાકીએ તો તમને પાંચસો રૂપિયાની શીખ આપીએ, ને તમે વાંચતાં થાકો તો પેલું ‘ભાગવત’ મૂકીને ચાલ્યા જવું. છે કબૂલ?”

ભટજી કહે : “એમ જ હોય ને? પણ એક વદાડ વધારે. જો હું જીતું તો પેલું ‘ભાગવત’ મને ઉપરિયામણમાં આપવું.”

પટેલિયા કહે : “ઠીક.”

બીજે દિવસે ભટે તો કથા વાંચવા માંડી : “જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાન ગરૂડ ઉપર બેસે. ગરુડ તો એમનું વાહન કહેવાય.”

પટેલિયા કહે: “ હરે નમ:”

“આ ગરુડ પંખી તો આ મુલકમાં પંખીઓનો રાજા કહેવાય.”

“હરે નમ:”

આ કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને એક દિવસ પૂછ્યું: “હેં, ગરુડજી તમારે કાંઇ નાતબાત ખરી કે?”

“હરે નમ:”

આ ગરુડજી ઉત્તર આપે છે : “ હે મહારાજ! મારે નાત તો છે, પણ બધાએ મળીને મને નાત બહાર મૂક્યો છે.”

“હરે નમ:”

“આ જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને બધાં પંખીને ભેગા કર્યાં. આ જે કહેવાય તે પાંચસો બૂંગણનો મોટો કોઠળો સિવડાવ્યો ને એમાં બધાં પંખીને પૂર્યાં.”

“હરે નમ:”

“આ પંખીઓ તો બધાં કોથળાની અંદર કીવી કીવી કરવા માંડ્યાં.”

“હરે નમ:”

“ત્યાં તો કોથળામાં એક ફાંકું રહી ગયેલું.”

“હરે નમ:”

“આ પછી એ ફાંકામાંથી જે કહેવાય તે એક પંખી ઊડ્યું અને ફરરરરરર.”

“હરે નમ:”

“આ કહેવાય તે બીજું પંખી ઊડ્યું અને ફરરરરરર.”

“હરે નમ:”

આ ત્રીજું ઊડ્યું ને ફરરરરર.”

“હરે નમ:”

આ ચોથું ઊડ્યું ને ફરરરર."

"હરે નમ:"

આ પાંચમું ઊડ્યું ને ફરરરર."

"હરે નમ:"

ભટનું તો " ફરરરરરર" ચાલ્યું ને પટેલિયાનું "હરે નમ:"ચાલ્યું.

એમ કરતાં કરતાં પટેલિયાનાં તો મોઢાં દુ:ખવા આવ્યાં, ને પટેલિયા "હરે નમ:" ને બદલે "ફરરરરરર " બોલવા માંડ્યા! ભટે પુસ્તક-પાનાં બંધ કર્યાં ને પછી કહે : "તમે હાર્યા. હવે પેલું 'ભાગવત'ને શીખ મૂકી દ્યો !"

પટેલિયાઓ પાસેથી પોથી અને શીખ લઇને મોટો ભાઇ ઘેર પાછો આવ્યો, અને નાના ભાઇને 'ભાગવત' સોંપ્યું.

## [19] સાંભળો છો, દળભંજનજી?

એક હતો શિયાળ અને એક હતી શિયાળવી. શિયાળવીને વિયાવાનો વખત થયો, એટલે શિયાળને કહે, "મારે વિયાવું છે, ક્યાંઇક બખોલ-ફખોલ શોધી કાઢો." શિયાળ તો શિયાળવીને સાવજની બોડ પાસે લઇ ગયો ને કહે, "લે, આ બોડ છે - એમાં વિયા."

શિયાળવી કહે : “પણ આ તો સાવજની બોડ છે – એમાં તે કેમ રહેવાય? સાવજ આવે તો આપણને ને બચ્ચાંને ખાઇ જ જાય ના?”

શિયાળ કહે : “એનું તારે શું કામ છે? તું તારે બોડમાં વિયા. ને હું કહું છું તેમ કરીશ તો વાંધો નહિ આવે.”

શિયાળવી તો બોડમાં વિયાઇ. રૂપાળાં નાનાં નાનાં બચ્ચાં આવ્યાં. થોડી વાર થઇ ત્યાં તો સાવજ આવતો દેખાયો. શિયાળ બોડને મોઢે જ બેઠો હતો. સાવજ બોડની પાસે આવ્યો. ત્યાં તો પહેલેથી ગોઠવણ કરી રાખી હતી તે મુજબ શિયાળ-શિયાળવી વાતો કરવા લાગ્યાં :

સાંભળો છો, દળભંજનજી?
શું કહો છો, આગવરજાળજી?
બચડાં શા માટે રુએ છે?
સાવજના કાળજા માટે.

આ સાંભળી સાવજ ચમક્યો. ત્યાં તો વળી શિયાળ બોલ્યો : “ઓ આવે સાવજ! હમણાં જ એનું કાળજું લાવું છું.”

સિંહના મનમાં એમ થયું : “જરૂર, મારા કરતાંયે જબરો કોઇ બોડમાં આવીને બેઠો છે. એનાં બચ્ચાં મારા કાળજા માટે રુએ છે — ત્યારે એ તો કોણ જાણે કેવોયે મોટો હશે!”

સિંહ તો ઊભી પૂંછડીએ નાઠો. રસ્તામાં વાંદરજી મળ્યા. વાંદરો કહે : “સિંહભાઇ, સિંહભાઇ! આમ હાંફળાફાંફળા ક્યાં ભાગ્યા?”

સાવજ કહે : “ભાઇ, મારી બોડમાં કો’ક આવ્યું છે - ને એનાં બચ્ચાં મારા કાળજા માટે રૂએ છે! કો’ક ભારે લાગે છે. હું તો જીવ લઇને ભાગ્યો છું.

વાંદરો કહે : “એવું તે હોય? સાવજથી કોણ મોટું છે? ચાલો, આપણે તપાસ કરીએ.”

સાવજ કહે : “ના રે, ભાઇ, મારે તો તપાસ નથી કરવી.”

વાંદરો કહે : “ચાલો તો ખરા ! ત્યાં તો પેલી શિયાળવી વિયાઇ છે. મને ખબર છે તો !”

સાવજ કહે : “ના રે બાપુ ! મારે તો નથી આવવું.”

વાંદરો કહે : “એમાં બીવાનું કશું  જ નથી. તમને ખાતરી ન થતી હોય તો આવો, આપણે આપણી પૂંછડીઓ બાંધીને પછી સાથે જઇએ.”

સિંહ અને વાંદરો પછી પૂંછડાં બાંધીને ચાલ્યા. આઘેથી સિંહ ને વાંદરાને આવતા જોઇને વળી શિયાળ બોલ્યો : “સાંભળો છો, દળભંજનજી?”

અંદરથી જવાબ મળ્યો : “શું કહો છો, આગવરજાળજી?”

શિયાળે ફરીવાર પૂછ્યું : “બચડાં કેમ રુએ છે?”

બોડમાંથી શિયાળવી બોલી : “સાવજના કાળજા માટે.”

શિયાળે મોટા સાદે કહ્યું :

“વાંદરો ભાઇબંધ આવે છે ને સાવજનાં કાળજાં લાવે છે !
વાંદરો ભાઇબંધ આવે છે ને સાવજનાં કાળજાં લાવે છે !”

સાવજ કહે : “માર્યા! આ વાંદરો તો એનો ભાઇબંધ લાગે છે, ને ફોસલાવીને મને મરાવી નાખવા લઇ જાય છે!”

પછી તો સિંહ ભાગ્યો. વાંદરો પાછળ જાય ઢસડાતો! વાંદરો શું કરે? સિંહની પૂંછડી સાથે પોતાની પૂંછડી બાંધી હતી, એટલે ક્યાં જાય? મોઢા આગળ સિંહ ને પાછળ વાંદરો — આઘે આઘે ક્યાંય ચાલ્યા ગયા. શિયાળ, શિયાળવી ને બચ્ચાં બોડમાં નિરાંતે રહ્યાં, ને ખાધું પીધું ને મજા કરી.

## [20] મોઢું જોયું

બાદશાહનો હુકમ થયો. "બસ! આ ઘડીએ ને આ ઘડીએ રૂપાશેઠને બોલાવો!" સિપાઇઓ છૂટ્યા તે રૂપાશેઠને ઘેર ગયા. શેઠ વાળુ કરવા તૈયાર થતા હતા.

હાથપગ ધોઇને ઊભા હતા. બાદશાહના સિપાઇઓ ને બાદશાહનો હુકમ “રૂપાશા! મોઢા આગળ ચાલી નીકળો, નહિતર કડીબેડીઓ તૈયાર છે.”

રૂપાશા સજ્જડ થઇ ગયા, બાયડી-છોકરાં રડવા લાગ્યાં. પણ બાદશાહનો હુકમ-દિલ્હીના બાદશાહનો હુકમ! કોઇથી હા-ના ન થાય. રૂપાશા મોઢા આગળ ને વાંસે સિપાઇઓ. ગામ આખું વિસ્મય પામ્યું : “આ શો ગજબ? નગરશેઠ રૂપાશાને કડીબેડીઓ! આપણાથી હવે શે રે’વાશે? કાંઇ વાંકગુનો, કે એમ ને એમ?” ગામમાં હાહાકાર થઇ ગયો.

રૂપાશાને બાદશાહ આગળ ખડા કર્યા. બાદશાહનો તો કાંઇ ગુસ્સો! લાલચોળ આંખો ને હોઠ ધ્રૂજતા હતા. દિલ્હીનો ધણી ગુસ્સે થયો હતો. એકદમ હુકમ છૂટ્યો : “રૂપાશાને ફાંસીને લાકડે લટકાવો. બસ! અબઘડીએ ને અબઘડીએ.”

રૂપાશાનાં શાં ગજાં? દિલ્હીના ધણીનો હુકમ! રૂપાશા હેબતાઇ ગયા. મોઢા આગળ રૂપાશા, ને પાછળ સિપાઇ; રૂપાશાને ફાંસી દેવા ચાલ્યા.

“અરરર ! આ તે બાદશાહની મત કમત થઇ કે થયું શું? રૂપાશા જેવા શેઠને ફાંસી? અરે, રાજમાં કોઇ છે કે નહિ ? બાદશાહનો દી ફર્યો લાગે છે!” ગામ આખું

કળેળી ઊઠ્યું. બીરબલને ખબર પડી. બીરબલ કહે : “હોય નહિ, બાદશાહ એવો હુકમ કરે નહિ.અકબર બાદશાહ દાનો છે. એવો હુકમ કરે નહિ.”

“અરે, અકબર બાદશાહનો જ હુકમ છે. અબઘડીએ રૂપાશા ફાંસીએ લટકશે. બીરબલ સાહેબ! બાદશાહને કાંઇક મનાવો તો? આવું તે ક્યાંય ભાળ્યું છે?” બીરબલ બાદશાહ પાસે દોડ્યો. બાદશાહ હજી ક્રોધમાં હતો, હજી આંખો લાલ હતી. બાદશાહ કહે: “કેમ બીરબલ ! શું છે?”

બીરબલ કહે : “રૂપાશા….”

“નામ નહિ બોલો ! હું એના મોતની રાહ જોઉં છું.”

“પણ જનાબ....”

“નહિ બીરબલ! આજે એ વાત નહિ. કાલે આવો.”

“પણ જનાબ! શું છે? એવડું મોટું કારણ છે?”

“બસ, મારા રાજમાં એવો માણસ ન જોઇએ!”

“પણ કાંઇ વાંકગુનો ?”

“એવું મોં ન જોઇએ - બેનસીબ મોં!”

“પણ જનાબ! શા માટે?”

“બીરબલ! તું એ જાણતો નથી.”

“પણ કહો તો ખરા, જનાબ!”

“બીરબલ! આજે સવારે હું ઊઠ્યો, ને મેં એ નાદાન આદમીનું મોં જોયું! દાતણ કરવા જાઉં છું, ત્યાં ઢોલ વાગ્યો ને બાગમાં સૂવરની રંજાડ સાંભળી. હું તેની પાછળ ઊપડ્યો ને બાર વાગી ગયા.”

“હજૂર! એવું તો ઘણી વાર  બને છે.”

“નાહીધોઇ જમવા બેસું છું તો ભોજનમાં ઘરોળી પડી ને બેસ્તાં બેસતાં ઊઠવું પડ્યું.”

“તેવું પણ કોઇ વાર અકસ્માતથી બની જાય.”

“બીરબલ ! એ તો ઠીક, પણ ફરી રસોઇ થઇ ને બેસું છું ત્યાં ખબર આવ્યા કે બેગમનો ભાઇ ગુજરી ગયો. જમવાનું પડ્યું રહ્યું ને મારે બેગમ પાસે જવું પડ્યું.”

“કોઇ વાર એવું પણ બની જાય - બધા દિવસ કાંઇ સરખા હોય છે, જનાબ?”

“એ પણ ઠીક. પણ અત્યારે સાંજે જ્યાં જમવા બેસું છું ત્યાં જાસૂસ જણાવે છે કે અત્યારે જ મારે ઘોડે ચડીને લડાઇમાં જવું પડશે.”

“તે બાદશાહ સલામતને લડાઇનો શોખ ક્યાં ઓછો છે? બાદશાહ સલામત લડાઇમાં તો દિવસોના દિવસો સુધી ખોરાકની પરવા નથી કરતા.”

“પણ બીરબલ! આ તો પેલા રૂપાશાને લીધે!”

“રૂપાશાને લીધે! - એટલે?”

“સવારમાં એનું મોં જોયેલું - દુષ્ટનું મોં જોયું તેનું આ ફળ! સવારથી હજી સુધી ખાવા નથી મળ્યું. બસ, એવા માણસો મારા રાજમાં ન જોઇએ - એવા અધમ, ચંડાળ!”

બીરબલ તુરત જ ત્યાંથી વીજળીના વેગે ઊપડ્યો. ફાંસી ચડાવાતી હતી ત્યાં પહોંચ્યો. તૈયારી થઇ ચૂકી હતી. રૂપાશા કકળતા હતા, બૈરાં-છોકરાં ગળે બાઝી બાઝીને રડતાં હતાં, લોકમેદની રડતી હતી. સૌની આંખે આંસુ હતા, હાહાકાર વરતી રહ્યો હતો. બધું ગમગીન, ગમગીન હતું; બધું ભયંકર ભાસતું હતું.

બીરબલ આવ્યો ને રૂપાશાના કાન ફૂંક્યા. બીરબલે અધ્ધરથી જ હાંકી : "બાદશાહ રૂપાશાને પોતાની પાસે બોલાવે છે."

રૂપાશા ને સરઘસ શહેરભણી ચાલ્યાં, બાદશાહ પાસે આવ્યાં. બાદશાહ ભભૂકી ઊઠ્યા : "રૂપાશાને ફાંસી દ્યો! અહીંથી એને પાછો લ્યો."

બીરબલ કહે : "મરતાં પહેલાં એ નામદારને એક વાત કહેવા માગે છે. એક જ વાત - ફક્ત એક જ."

બાદશાહ કહે : "અત્યારે એક પણ નહિ, એક પણ નહિ. એનું મોં અહીંથી ખસેડો!" "નામદાર! એ બિચારો મરવા જાય છે. એક વાત સાંભળી લ્યો, નામદાર..."

“અચ્છા! કહો જોઇએ, શી વાત છે? એક જ વાત સાંભળીશ.”

બીરબલે તમામ લોકોને પાછા કાઢ્યા; માત્ર બાદશાહ, બીરબલ ને રૂપાશા જ રહ્યા. રૂપાશાએ નમ્રતાપૂર્વક કહ્યું : “ખુદાવિંદ, આપે મારું મોં જોયું, તે આપને ખાવા ન મળ્યું; પણ મેં આપનું મોં જોયું અને હું ફાંસીએ જાઉં છું - એનું શું?”

બાદશાહ વિચારમાં પડ્યો. બીરબલ સામે જોઇ રહ્યો. છેવટે હસીને બોલ્યો: “બીરબલ! આ તો મોટી ભૂલ થઇ. પણ ખરી ચાતુરી તો તારી અલ્યા, તારા વિના ભૂંડું જ થાત!” બાદશાહે પછી રૂપાશાને છોડી મૂક્યા ને ખાધુંપીધું ને સૂઇ ગયા.

# [21] વાણિયા બદાણિયા

વીસ હતા વાણિયા. વીસેય જણા જાત્રા કરવા નીકળ્યા. ચાલતાં ચાલતાં રસ્તે એક નહેરું આવ્યું. નહેરાનું નામ જાંબુડિયું. નહેરું ખૂબ જ ઊંડું; દિવસેય પૂરો તડકો ન આવે. વાણિયા એ નહેરામાંથી જતા હતા, ત્યાં સામેથી ચોર મળ્યા. એક તો વાણિયા, ને એમાં ચોર મળ્યા ! વાણિયાની કાછડીઓ ઢીલી થવા માંડી. ત્યાં તો ચોરે હાકલ કરી : “એલા કોણ છે એ? લૂગડાંલત્તાં ને ઘરેણાંગાંઠાં કાઢી નાખો - નહિ તો મૂઆ પડ્યા છો!”

વાણિયા સમયસૂચક ખરા ને ! સામા થઇને શું કરે? કહે : “ક્યો ભાઇ ના પાડે છે? આ લૂગડાં ને આ લત્તાં, આ ઘરેણાં ને આ ગાંઠાં. ના પાડે ઇ તમારો દીકરો !”

ચોરને તો બસ પાકી. ઘરેણાંગાંઠાં ને લૂગડાંલત્તાં ઝટઝટ ઉપાડી લીધા અને ગાંસડી બાંધીને ચાલી નીકળ્યા. વાણિયાભાઇ તો ઊભા થઇ રહ્યા, પણ મનમાં વિચાર કરવા લાગ્યા : "માળું, આમ ચોર લૂંટી જાય એ તો કાંઇ ઠીક નહિ. એમ તો પછી આપણી ડાહી જાત લાજે. માટે કાંઇક જુક્તિ કરવી જોઇએ."

જુક્તિ વિચારીને એક વાણિયો ચોરની પાછળ દોડ્યો. પાસે જઇને બે હાથ જોડી કરગરીને કહેવા લાગ્યો : "એ ભાઇ ! એક મારી અરજ છે; જરા સાંભળશો ?"

ચોર કહે : "હવે જા જા, ગોલો થા મા ! એમ કાંઇ અમે ભોળવાઇએ એમ નથી. તું વાણિયો, તો અમે સાત વાણિયા !"

વાણિયો કહે : "બાપુ ! એમાં ભોળવવાની વાત જ નથી. અમારાથી તે કાંઇ તમને પહોંચાય ?"

એક ચોર કહે : "ઠીક, જરાક જોઇએ; શી અરજ છે?"

વાણિયો કહે: "આ જરાક જોતા જાઓ, અમે એક નવી ભવાઇ શીખ્યા છીએ. અમારે સામે ગામ બતાવવી છે. તમે પારખુ માણસ; જોઇને કહો કે બરાબર આવડે છે કે નહિ ?"

બીજો ચોર કહે : "એ ભાઇ ! એમાં ક્યાંક વાણિયાભાઇની ગત ન હોય, હોં ! ઇ વાણિયાની ગત વાણિયા જ જાણે."

વાણિયો કહે : “એમાં કાંઇ ગતે નથી ને બતે નથી. આ અમારે તો તમને બતાવવું છે. જોતા જાઓ તો ભલા ઠીક, નીકર અમારો કાંઇ હુકમ ચાલે છે?”

ત્રીજો ચોર કહે : “અરે ભાઇ ! કોને સમજાવે છે? ભવાઇ તો તરગાળા કરે, ઓછબિયા કરે - ક્યાંય વાણિયા તે કરતા હશે?’

વાણિયો કહે : “વાણિયાય કરે ને એના બાપે ય કરે. વખાના માર્યા સૌ કરે. હવે ભાઇ , જોવી હોય તો હા કહો એટલે કરીએ, નહિતર રહ્યું !”

ચોરો કહે : “તો ભાઇ, ચાલોને જોતા જઇએ! ત્યાં ઇ બકાલ વાણિયાની શી બીક છે? ને સિવાય, આપણી આ બંદૂક ને તલવાર ક્યાં ગઇ છે?”

ચોર તો ભવાઇ જોવા બેઠા ને વાણિયા ભવાઇ કરવા માંડ્યા. પહેલો વેશ ગણપતિ દાદાનો લાવ્યા ને ગાવા માંડ્યા :

દુંદાળો દુ:ખભંજણો ને સદાય બાળે વેશ;
દુંદાળો દુ:ખભંજણો ને સદાયે બાળે વેશ.

ચોર કહે : “માળું, ભવાઇ કરતાં આવડે તો છે!”

પછી બ્રાહ્મણનો વેશ આવ્યો. ચોર કહે : “સાચું હો ! વાણિયાને ભવાઇ તો આવડે છે !” પછી કહે : “એલા વાણિયાઓ ! આ નવો વેશ નથી. આ તો બધે જ થાય છે. એ જ વેશ છે.”

વાણિયા કહે : “લ્યો ત્યારે, નવો વેશ તો હજી હવે આવશે. ઇ નવા વેશ સારુ તો તમને દેખાડીએ છીએ.” ત્યાં વાણિયે જાંબુડિયાનો વેશ કાઢ્યો. જાંબુડિયો થયેલો વાણિયો તો કૂદવા, નાચવા ને ગાવા લાગ્યો :

આમ કડો, તેમ કડો, જઇ જાંબુડિયે જાણ કડો,
આમ કડો, તેમ કડો, જઇ જાંબુડિયે જાણ કડો.

વાણિયા તો બધા નાચવા ને ગાવા માંડ્યા:

આમ કડો, તેમ કડો, જઇ જાંબુડિયે જાણ કડો....

ચોર તો સામે જોઇ રહ્યા. એકબીજાને કહે : “માળા વાણિયા છે કાંઇ ! હટાણું વેચતા ભવાઇ કરવા મંડ્યા, પણ માળી આવડે તો છે !”

ત્યાં તો બધામાંથી એક વાણિયો જરા જુદો ચાલવા લાગ્યો:

આમ કડું, તેમ કડું, જઇ જાંબુડિયે જાણ કડું.
આમ કડું, તેમ કડું, જઇ જાંબુડિયે જાણ કડું.

બીજા વાણિયા ઝીલવા લાગ્યા, ને આ વાણિયો ગાતો ગાતો પાછે પગે જવા લાગ્યો. ચોરો તો જોઇ રહ્યા. એમ ગાતાં ગાતાં એક વાણિયો તો ક્યાંય નો ક્યાંય દૂર જઇને જાંબુડિયે ગામ પહોંચ્યો. જઇને ફોજદારને બધી વાત કહી, ને સિપાઇ લઇને નહેરા ભણી ચાલી નીકળ્યો. અહીં તો બીજા વાણિયાઓએ વેશ ઉપર વેશ

કાઢવા માંડ્યા. કેરબાનો વેશ કાઢ્યો, દગલાનો વેશ કાઢ્યો, બીજા કેટલાયે વેશ કાઢ્યા. ત્યાં તો ઘોડાના ડાબલા સંભળાયા. વાણિયાઓએ જાણ્યું કે, હં... સિપાઇ આવી પહોંચ્યા છે; હવે ચોર સપડાશે.

ચોરે ઘોડાના ડાબલા સાંભળ્યા ને તેઓ ચમક્યા. પણ ત્યાં તો વાણિયાઓએ ઘોડાનો જ વેશ કાઢ્યો ને ગાવા માંડ્યા:

વાણિયા બદાણિયા આવે છે, ને ઘોડાનો વેશ લાવે છે.
વાણિયા બદાણિયા આવે છે, ને ઘોડાનો વેશ લાવે છે.

ચોરોના મનમાં એમ થયું કે, આ તો ઘોડાનો વેશ આવે છે, અને એમાં ઘોડાના ડાબલા સંભળાય છે. તેઓ તો બેઠા. ત્યાં તો ખાખી લૂગડાંવાળા ફોજદારને

સિપાઇ દેખાયા. ચોર બીના ને નાસવા લાગ્યા - પણ ત્યાં તો વાણિયાઓએ ગાયું:

વાણિયા બદાણિયા આવે છે, ને ફોજદારનો વેશ લાવે છે.
વાણિયા બદાણિયા આવે છે, ને ફોજદારનો વેશ  લાવે છે.

ચોર કહે : "અરે, આ તો વેશ છે ! વાણિયા માળા ભારે સાચેસાચા વેશ કાઢતા લાગે છે."

ત્યાં તો સિપાઇઓ અને ફોજદાર આવી પહોંચ્યા ને ચોરને પકડી મુશ્કેટાટ કર્યા. પછી વાણિયાભાઇ પોતાનાં લૂગડાંલત્તાં ને ઘરેણાંગાંઠાં લઇ ઘરભેગા થઇ ગયા.

## [22] વાત કહેવાય એવી નથી

“ભાઈ ! ઈ વાત કહેવાય એવી નથી. એમાં વારે વારે શું પૂછે છે? એક વાર કહ્યું કે ઇ વાત કહેવાય એવી નથી.”

“પણ ભાઇ ! એવી વાત શી છે? કહો તો ખરા-મારાથી એવું શું ખાનગી છે?”

“ખાનગી કે બાનગી, તારાથી કે મારાથી - મેં તને ન કહ્યું કે ઇ વાત કહેવાય એવી નથી?”

“પણ એવી તે વાત કેવી કે મને ય ન કહેવાય?”

“ભાઇ ! ન કહેવાય. તને શું? કોઇનેય ન કહેવાય ! ઇ વાત કોઇને કહેવાય એવી નથી. માણસ હોય તો સાનમાં સમજે. કંઇક ન કહેવાય એવું હશે ત્યારે ને?”

“ભાઇ ! મારાથી તો કાંઇ સંતાડવાનું નથી ને?”

“એમાં સંતાડવાનું ક્યાં છે? હું તો કહું છું કે ઇ વાત કહેવાય એવી નથી.”

“કીધે શી ખોટ જાય એમ છે? કહેવાય એવી વાત નથી - તે કાંઇ ચોરની વાત છે, કે કાંઇ મોળી વાત છે?”

“કોણ કહે છે ખરાબ વાત છે? કોણ કહે છે ચોરની વાત છે? મેં કહ્યું કે મોળી વાત છે? વાત ન પણ કહેવાય ! બધી વાત કાંઇ કહેવાય એવી હોય છે?”

“પણ ભાઇ ! ન કહેવાનું કારણ હોય ને? કાંઇ વિના કારણે ન કહેવાય એમ હોય?”

“કારણે ય હોય ને બારણે ય હોય; હોયે તે ને નયે હોય !”

“પણ કાંઇ કારણ તો હોય ને?”

“છે જ એવું - વાત જ કહેવાય એવી નથી !”

“ભાઇ ! મને તો કહે - હું કોઇને નહિ કહું.”

“એમાં કોઇને ન કહેવાની વાત ક્યાં છે? તું કોઇને કહી દઇશ, એમ પણ ક્યાં છે?”

“ત્યારે મારા ઉપર એટલો વિશ્વાસ નથી?”

“અરે, ભલી બહેન ! વિશ્વાસનું ક્યાં ફૂટે છે? આ તો વાત કહેવાય એવી નથી.”

“પણ ભાઇ ! વાતમાં એવું તે શું બળ્યું છે? વાત કાંઇ એમ કહે છે કે ‘હું કહેવાઉં એવી નથી ?’ તારે કહેવી છે ક્યાં?”

“બાપુ ! એવું કાંઇ નથી. હું તો આ ઘડીએ કહું. પણ વાત કહેવાય એવી જ નથી.”

“પણ કો’ક જાણી જાય એની બીક છે? કો’ક જાણી જાય તો વઢે એમ છે? કોઇને કાંઇ થાય એમ છે ?”

“એવું કાંઇ  યે નથી. કોઇ વઢતું યે નથી, ને કાંઇ બીકેય નથી... વાત એવી બની છે કે ... પણ એમાં કહેવા જેવું છે શું? વાત છેક માલ વિનાની—પણ કહેવાય એવી નથી.”

“આ તો ભાઇ, નવી નવાઇની વાત ! માલ વિનાની વાત - ને પાછી કહેવાય એવી નહિ ! ભાઇ ! કોઇ રીતે કહેવી છે? જેની હોય એને પૂછીને કહે – પછી છે કાંઇ ?”

“એમાં કોઇને પૂછવાનું ક્યાં છે ? મને જ થાય છે કે વાત કહેવાય એવી નથી.”

“પણ ભાઇ ! કહીને શો ફાયદો ? કામ વિનાની વાત, દમ વિનાની વાત, છોકરવાદીની વાત. એમાં કહેવું’તું શું? કહેવા જેવી નહિ હોય ત્યારે નહિ કહેતા હોઇએ ને?”

“પણ આટલો મોટો પડારો શો ! કહીએ છીએ કે બાપુ, કહે ને !”

“એમ? કહું ત્યારે - પણ કોઇને કહેતી નહિ, હોં!”

“હું તે કોઇને કહું?”

“લે સાંભળ ત્યારે—એ તો એમ થયું કે કુસુમબહેને મારા બૂટમાં કાગળના ડૂચા ભર્યા હતા !”

"ઓ હોહોહો ! આ તો ભારે વાત !"

## [23] હેન્સ

ફૂલો ને લીલોતરીનાં ખેતરો પડ્યાં હતાં. પતંગિયાં ને ભમરા ઊડતાં હતાં. કોઇ વાર ચકલી બોલતી હતી, કોઇ વાર ચંડોળ બોલતું હતું. કોઇ વાર બુલબુલ બોલતું હતું, ને કોઇ વાર તમરું તમતમતું હતું.

ગામ ઘણે દૂર હતું. માણસો બધાં ઘેર હતાં. સીમ આખી એકલી હતી. ત્યાં કોઇ નહોતું. બે ભાઇઓ રમતા હતા. એકનું નામ હેન્સ અને બીજાનું નામ નથી આવડતું.

એક તરફ ગામ ને બીજી તરફ દરિયો. વચ્ચે મોટો બંધ, એવો તો જાડો બંધ કે એની ઉપરગાડાં ચાલે. બંધ જરાક તૂટે તો થઇ રહ્યું. ચારે કોર પાણી, પાણી ફરી વળે ! એકે જીવ જીવે નહિ.

“એલા હેન્સ ! જો તો ખરો, આ નાનકડું કાણું શેનું? અહીં તો બડબડિયાં બોલે છે!”

“કાણું ! ક્યાં છે? બતાવ જોઇએ ?”

“આ રહ્યું — જરા જરા પાણી ગળે છે.”

“હાય હાય ! આ તો બંધમાં કાણું પડ્યું છે ! હવે શું કરશું?”

હેન્સે ચારે તરફ જોયું. દૂર દૂર નજર કરી, કોઇ ન મળે. કાણા તરફ જોયું- પાણીનાં ટીપાં પડતાં હતાં. ફરી વાર ચોમેર આંખ ફેરવી, કોઇ નહિ. કાણા સામે જોયું, તો જરા મોટું થયેલું. હળવે હળવે પાણી ગળતું હતું.

ગામમાં જઇને ખબર કરે તો? પણ ત્યાં તો ગાબડું પડે. પછી તો સાંધ્યું ચે નસંધાય. ઘડીકમાં દરિયો ફરી વળે ને ગામ આખું રસાતાળ જાય !...ત્યારે?

હેન્સે ચારેકોર જોયું. કાણા તરફ જોયું, ઊંચે જોયું, નીચે જોયું—ઊંડે અંતરમાં જોયું. “એલા ભાઇ ! જા, દોડાડોડ, ગજબ થશે! જઇને બાપુને કહે કે બંધમાં કાણું પડ્યું છે. જોજે - ક્યાંય ઊભો રહ્યો તો ! કહેજે કે હેન્સ કાણામાં આંગળી ખોસીને ઊભો છે. જીવ જશે, પણ આંગળી નહિ ખસે !”

નાનકડો ઊપડ્યો, જાણે પવનનો ઘોડો. એ ગયો, એ ગયો ! ક્યાંયનો ક્યાંય નીકળી ગયો. દેખાતોય બંધ થઇ ગયો.

દરિયો ઘૂઘવે છે, પ્રલયની વાતો કરે છે, પથ્થ્અર પર પછડાઇ પછડાઇને પાછો વળે છે. પાસે પાસે આવતો જાય છે. હેન્સ કહે, “આંગળી તૂટી જાય તોયે શું? બહાર કાઢું તો તો થઇ રહ્યું ! ઘડીકમાં આખું ગામ તણાઇ જાય ને?”

આંગળી બહેરી થઇ ગઇ. હાથ ઠરવા લાગ્યો. હેન્સે હાથને બીજે હાથે ઘસ્યો, પણ શું વળે? હાથ બેરો ખોડ થઇ ગયો હતો. હેન્સે ચારે બાજુ જોયું. “આવે છે કોઇ માઇનો પૂત? આવે છે કોઇ માનવીની જાત ?” પણ નિરાશ !

હાથ તો તૂટું તૂટું થઇ રહ્યો હતો. કાંડું તો જાણે હિમ થઇ ગયું ! ઘડીકમાં તો કોણી પણ ઠંડી. એવી તો પીડા કે વાત કરો મા. પણ હેન્સ આંગળી શાનો કાઢે? એ તો ખોસી તે ખોસી.

પણ ત્યાં તો ખભામાં ને વાંસામાં સડાકેસડાકા ! ઊભે વાંસે શૂળ નીકળ્યું. હેન્સે ચારેય દિશાએ આંખ ફેરવી - કોઇ ન મળે. “અરે ! આટલી બધી વાર?”

એટલું સખત શૂળ કે રહ્યું ન જાય. હેન્સે માથું બંધ ઉપર ટેકવ્યું. કાન બંધને અડ્યા. દરિયાનું ભીષણ વચન સંભળાયું : “છોકરા ! સમજ, સમજ, આંગળી કાઢી લે ! જાણતો નથી, હું મહાન રાજા છું? મારી સામે થનાર તું કોણ? મને રોકનાર તું ક્યાંનો ?”

હેન્સનું હૃદય ધ્રૂજી ઊઠ્યું : “અરે, હજી નહિ ?”

દરિયાની ભયંકર વાણી જાણે ફરી વાર સંભળાઇ : “નાસી છૂટ, નાસી છૂટ; તારું મોત આવ્યું, છોકરા ! તારું મોત આવ્યું, ઊભો રહે, આ આવ્યો છું, આ આવ્યો છું!” હેન્સને હૈયે હામ ન રહી : “આંગળી કાઢી લઉં? નાસી જાઉં? ઊગરું?”

વળી વિચાર થયો : “નહિ એમ કદી નહિ બને. આંગળી તો શું - પણ જીવ જાય તો ય શું? ચાલ, આવી જા, હેન્સ અડગ છે; થાય તે કરી લે !” હેન્સે દાંત પીસ્યા. આંગળી કાણામાં જોરથી દબાવી....

“એ... પણે માણસો દેખાય ! એ... નજીક પહોંચ્યા... આ આવ્યા. હાશ !”

“શાબાસ હેન્સ ! શાબાસ હેન્સ ! ફિકર નહિ - અમે આવી પહોંચ્યા છીએ.” પાવડા ને કોદાળીઓ લઇને ટોળું મંડી પડ્યું - એક ક્ષણ, ને કાણું બરાબર.

હેન્સનો વરઘોડો કાઢ્યો. ચારે બાજુ સિપાઇઓની હાર, ને વચમાં હેન્સ. એક મોટા સિપાઇના ખભા ઉપર હેંસ બેઠો હતો. લોકો બોલતા હતા : “શાબાસ હેન્સ ! શાબાસ હેન્સ !”

અક્ષરનાદ ડાઉનલોડ વિભાગ

ઈ-પુસ્તક ક્રમ 28

http://aksharnaad.com

અક્ષરનાદ પરની શ્રી ગિજુભાઈ બધેકાની રચનાઓ – વાર્તાઓ અહીં ક્લિક કરીને વાંચી શકાશે.

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

# અક્ષરનાદ.કોમ

## ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ